RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 298, Dt.06-02-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઉત્તરાખંડમાં ભાજપનો યુનિફોર્મ સિવિલનો પ્રયોગ




## ઉત્તરાખંડ વિધાનસભામાં સમાન નાગરિક ધારા બિલ રજૂ: UCC પર ડ્રાફ્ટ લાવનાર ઉત્તરાખંડ દેશનું પહેલું રાજ્ય બન્યુ: વિધાનસભામાં પ્રશ્ન શુન્યકાળ રદ કરી દેવાયા: આ કાયદા દ્વારા મહિલાના ઉત્થાનને મજબૂત કરવાનું પગલું

**મુખ્ય સમાચાર, દેહરાદૂન**

ઉત્તરાખંડ વિધાનસભામાં મંગળવારે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ સમાન નાગરિક સંહિતા કાયદો નો ડ્રાફ્ટ રજુ કર્યો છે. ધામીએ કહ્યું કે, આ બિલમાં બધા ધર્મ અને બધા વર્ગનું ધ્યાન રાખવામાં આવ્યું છે. UCC પર ડ્રાફ્ટ લાવનાર ઉત્તરાખંડ દેશનું પહેલું રાજ્ય છે.

બિલ રજુ કરતા પહેલાં મુખ્યમંત્રી ધામીએ કહ્યું કે જેની લાંબા સમયગાળાથી રાહ જોવાઈ રહી હતી, તે ક્ષણ આવી ગયો છે. પ્રદેશની સવા કરોડ જનતા જ નહીં પરંતુ આખા દેશની નજર ઉત્તરાખંડ ઉપર અડગ છે. આ કાયદો મહિલા ઉત્થાનને મજબૂત કરવાનું પગલું છે જેમાં દરેક સમુદાય, દરેક વર્ગ, દરેક ધર્મ અંગે વિચાર કરવામાં આવ્યો છે.

ઉત્તરાખંડ વિધાનસભામાં રજુ કરવામાં આવેલાં UCC બિલ પર ઓલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ(AIMPLB)ના કાર્યકારી સભ્ય મૌલાના ખાલિદ રશીદ ફરંગી મહલીએ કહ્યું- જો તમે કોઈ સમુદાયને આ અઈઈ થી છૂટ આપો છો, તો તેને એક સમાન સંહિતા કેવી રીતે કહી શકાય છે? આવા યુનિફોર્મ સિવિલ કોડની જરૂર નહોતી. અમારી ટીમ ડ્રાફ્ટ્સ જોઈ રહી છે. ત્યાર બાદ આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે. આજકાલ ભારતના મોટા શહેરોમાં લિવ ઈન રિલેશનશિપની પ્રથા જોવા મળી રહી છે. જો UCC લાગુ થશે તો લિવ ઈન રિલેશનશિપમાં રહેવા માટે રજિસ્ટ્રેશન જરૂરી બનશે. તેમજ લિવ ઈન રિલેશનશિપમાં રહેતા લોકોના માતા-પિતાને પણ આ અંગે જાણ કરવી પડશે. તેમજ પોલીસ પાસે લિવ ઈન રિલેશનશિપનો રેકોર્ડ રહેશે, કારણ કે લિવ ઈન રિલેશનશિપની પોલીસમાં નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.

# ભડકાઉ ભાષણ આપવા મુદ્દે મૌલાના મુફતી અઝહરીને કોર્ટમાં રજૂ કરાયો: ક્રાઈમ બ્રાંચે રાતભર પુછપરછ કરી

## પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જૂનાગઢમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો: ગુજરાત એટીએસએ અઝહરીની કરી હતી મુંબઈથી ધરપકડ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં વ્યસન મૂક્તિના કાર્યક્રમમાં ભડકાઉ ભાષણ આપવા મુદ્દે ગુજરાત ATSએ મુફ્તી સલમાન અઝહરીની મુંબઈથી ધરપકડ કરી જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચને સોંપ્યો હતો. જેની રાતભર પુછપરછ કરાઇ હતી. જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચ આજે મુફ્તી સલમાન અઝહરીને કોર્ટમાં રજૂ કરાયો છે. પરિસ્થિતિને ધ્યાને રાખીને જૂનાગઢમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.



૩૧ જાન્યુઆરીના રોજ જૂનાગઢની નરસિંહ સ્કૂલના મેદાનમાં વ્યસન મુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજકોએ મુંબઈથી મુફ્તી સલમાન અઝહરી બોલવામાં આવ્યા હતા. જેમાં મુફ્તી સલમાન અઝહરી નશા મુક્તિ સિવાય પણ લોકોમાં વયમનસ્ય ફેલાય અને તંગદીલી ઉભી થાય એ પ્રકારનું ભડકાઉ ભાષણ કર્યુ હતું. જેનો વીડિયો સોશિયલ વાયરલ થતાં જુનાગઢ બી ડિવિઝન પોલીસે આ કાર્યક્રમના આયોજકો અને ભાષણ કરનાર મૌલાના વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી અને સ્થાનિક આયોજક મહમંદ યુસુફ મલેક અને અઝીમ ઓડેદરાને ઝડપી પાડવામાં આવ્યા હતા.

જે બાદ રવિવારે ગુજરાત ATSએ લોકેશનના આધારે મુંબઈ ખાતે રહેતા મૌલાનાને ઝડપી પાડ્યો હતો અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. જ્યાંથી સોમવારે જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હતો. જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે મુફ્તી સલમાન અઝહરીની રાતભર પુછપરછ કરી હતી. જેને આજે કોર્ટમાં કોર્ટમાં રજૂ કરાયો છે.આ મામલે જૂનાગઢના એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, ગઈ ૩૧ જાન્યુઆરીના નરસિંહ સ્કૂલના મેદાનમાં નશા મુક્તિના કાર્યક્રમ માટે સાંજે ૮થી ૧૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકર માટેની મંજૂરી માગવામાં આવી હતી. જે કાર્યક્રમમાં મુસ્લિમ ધર્મના વક્તા મોલાના મુક્તિએ વિવાદાસ્પદ ભાષણ આપ્યું હતું. જેને લઇ જુનાગઢ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર કેસને લઈ મુંબઈ પોલીસ અને ગુજરાત અઝજ દ્વારા આ મોલાનાની ધરપકડ કરવામાં આવી છે અને ધરપકડ કર્યા બાદ મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો, જે બાદ જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હતો.

જૂનાગઢના એસપી હર્ષદ મહેતાએ મૌલાનાની ધરપકડને લઈ કોઈ પણ પ્રકારનો વિવાદ ઊભો ન કરવા લોકોને અપીલ કરી હતી અને જો કોઇ સોશિયલ મીડિયામાં કોઈપણ વિવાદસ્પદ ટીપ્પણી કરી સામાજિક માહોલ ડહોળવાનો પ્રયાસ કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરાશે તેવું જણાવ્યું હતું. આ ઉપરાંત ક્યાંય તંગદીલી ન ફેયાય એ માટે જિલ્લામાં પોલીસ દ્વારા પોલીસ વાહન ચેકિંગ અને તકેદારી હાથ ધરવામાં આવી છે. જ્યારે જૂનાગઢ શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# મધ્ય પ્રદેશના હરદામાં ફટાકડાની ફેકટરીમાં વિસ્ફોટ થતાં ૮ના મોત: ૫૦થી વધુ લોકો દાઝ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્યપ્રદેશમાં ફટાકડાં ફેક્ટરીમાં વિસ્ફોટની ઘટના સામે આવી રહી છે. ફેક્ટરીમાં એક પછી એક વિસ્ફોટના અવાજ સંભળાઈ રહ્યા છે. જેના લીધે ઊંચી ઊંચી આગની જ્વાળાઓ ઊઠી રહી છે. આ ફેક્ટરીમાં કામ કરનારા અનેક લોકો તેમાં ફસાયા હોવાની આશંકા છે. કેટલાક અહેવાલોમાં ૬ લોકોના મોતનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે અત્યાર સુધી મૃતકાંકની પુષ્ટી થઇ શકી નથી. માહિતી અનુસાર ફેક્ટરીની બહાર શબ વિખેરાયેલા જોવા મળી રહ્યા છે. મૃતકાંક વધી શકે છે. ઘાયલોની સંખ્યા પણ ૫૦ને વટાવી ગઈ હોવાની માહિતી મુખ્યમંત્રી મોહન યાદવે આપી હતી. તેમણે કહ્યું કે આગ પર કાબૂ મેળવવો એ અમારી પ્રાથમિકતા છે. આ ઘટના વિશે વિગતવાર માહિતી કેન્દ્ર સરકારને આપી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે ઘાયલોને મફત સારવાર આપવાનો નિર્ણય લેવાયો છે.

ફટાકડાં ફેક્ટરી ગેરકાયદે રીતે સંચાલિત થતી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જેના લીધે આજુબાજુના ૬૦થી વધુ મકાનો વિસ્ફોટ અને આગની લપેટમાં આવી ચૂક્યા હતા. ૫૦થી વધુ લોકોને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલે ખસેડાયા હોવાની માહિતી છે. ૧૦૦થી વધુ મકાનોને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન મુખ્યમંત્રી મોહન યાદવ પણ એક્ટિવ થયા હતા અને આ ઘટનાને ધ્યાનમાં



રાખી તેમણે ઈમરજન્સી બેઠક બોલાવી હતી.

માહિતી અનુસાર મુખ્યમંત્રી મોહન યાદવે આ મામલે ઈમરજન્સી બેઠક યોજી હતી. જેના બાદ એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમને બચાવ કામગીરીમાં મદદ કરવા બોલાવાઈ હતી. બીજી બાજુ ભોપાલમાં હોસ્પિટલોમાં બર્ન વિભાગને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે. ઘટનાસ્થળે યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવાઈ રહ્યું છે. માહિતી અનુસાર વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે ભયાનક વિસ્ફોટ થઈ રહ્યા છે. જેના લીધે આસપાસના વિસ્તારોમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને લોકો ડરના માર્યા આમ તેમ જીવ બચાવવા ભાગવા લાગ્યા હતા.

# છુટાછેડા લેવાથી બાળકના માતા કે પિતાનો દરજજો ભુસાઈ જતો નથી: દિલ્હી હાઈકોર્ટ

## પૂર્વ પત્ની બાળકોના દસ્તાવેજમાંથી પિતાનું નામ હટાવી ન શકે: કોર્ટે સગીર પુત્રના શાળાના રેકોર્ડમાં પિતા તરીકે નામ ચાલુ રાખવા એક વ્યક્તિની અરજી સ્વીકારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છૂટાછેડાને કારણે બાળકના માતા કે પિતાનો દરજજો ભૂંસાઈ જતો નથી એવી ટિપ્પણી દિલ્હી હાઈકોર્ટે કરી છે. કોર્ટે સગીર પુત્રના શાળાના રેકોર્ડમાં પિતા તરીકે પોતાનું નામ ચાલુ રાખવાની એક વ્યકિતની અરજી સ્વીકારી હતી.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, વ્યકિત જીવીત હોય તો તેની ભૂતપૂર્વ પત્નિ પાસે શાળાના પ્રવેશપત્ર સહિતના દસ્તાવેજમાંથી પિતાનું નામ હટાવવાનો કોઈ અધિકાર નથી. જજ હરીશંકરે જણાવ્યું હતું કે, 'લગ્ન સંબંધ પૂરો થવાને કારણે તેમના બાળકના માતા અને પિતા તરીકેનો દરજજો નાબૂદ થતો નથી'. કોર્ટે કહ્યું હતું કે, 'તમામ બાબતોને ધ્યાનમાં રાખીને શાળાના રેકોર્ડમાં બાળકના પિતા તરીકે વ્યકિતનું નામ ચાલુ રાખવાની અરજી ફગાવી શકાય નહીં. શાળાને બે સપ્તાહના ગાળામાં જરૂરી સુધારો કરવાનો નિર્દેશ આપવામાં આવે છે'.




વ્યકિતએ કોર્ટને શાળાના રેકોર્ડમાં સુધારો કરી બાળકના પિતા તરીકે તેનું નામ દાખલ કરવા માટે અરજી કરી હતી. બાળકનો જન્મ માર્ચ ૨૦૦૬માં થયો હતો અને તેને ૨૦૧૨માં શાળામાં દાખલ કરવામાં આવ્યો હતો. માર્ચ ૨૦૧૬ સુધી તે જે બે શાળામાં ભણ્યો તેમાં બાળકના પિતા તરીકે આ વ્યકિતનું નામ નોંધાયેલું હતું. જોકે, વ્યકિતએ ફરિયાદ કરી હતી કે, ૨૦૧૬થી તેનો બાળક જે શાળામાં અભ્યાસ કરે છે તેના રેકોર્ડમાં પિતા તરીકે પોતાનું નામ નથી. શાળામાં બાળકના ગાર્ડિયન તરીકે ભૂતપૂર્વ પત્નીના બીજા પતિનું નામ લખવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, દંપતિ વચ્ચેના વિવાદને કારણે જૂન ૨૦૧૫માં ફેમિલી કોર્ટે છૂટાછેડાને મંજુરી આપી હતી. મહિલાએ એફિડેવિટમાં વ્યકિત બાળકનો પિતા હોવા બાબતે વાંધો ઉઠાવ્યો ન હતો પણ કહ્યું હતું કે, વ્યકિત સાથેના તેના સંબંધો એટલા કડવા હતા કે તે બાળકનું નામ અરજદાર (પિતા) સાથે જોડાય તેવું ઈચ્છતી નથી.

# આ લોકતંત્રની મજાક છે: ચંદીગઢમાં મેયરની ચૂંટણી મામલે સુનાવણી દરમિયાન પ્રિસાઈડીંગ ઓફિસરને આડે હાથ લેતા સીજેઆઈ

**મુખ્ય સમાચાર, ચંદીગઢ**

ચંદીગઢ મેયરની ચૂંટણીને લઈને સુપ્રીમ કોર્ટમાં ગઈકાલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ડી.વાય ચંદ્રચુડની આગેવાની હેઠળ ત્રણ ન્યાયાધીશોએ કેસની સુનાવણી કરી. ચીફ જસ્ટિસે પ્રેસિડિંગ ઓફિસનો વીડિયો પણ જોયો જેમાં તેઓ કથિત રીતે વોટને રદ કરી રહ્યાં છે.

CJIએ કહ્યું કે, આ લોકતંત્રની મજાક છે. જે બન્યું તેનાથી અમે ચોંકી ગયા છીએ. CJIએ કહ્યું કે, અમે લોકશાહીની આ રીતે હત્યાની મંજૂરી આપી શકીએ નહીં. CJIએ ચૂંટણીનો સંપૂર્ણ વીડિયો રજૂ કરવા કહ્યું છે અને નોટિસ પણ જારી કરી છે.

ચંદીગઢ મેયરની ચૂંટણીને પડકારતી કુલદીપ કુમારની અરજી પર સુપ્રીમ કોર્ટે



નોટિસ જારી કરી છે. તમને જણાવી દઈએ કે, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર પાસે તમામ દસ્તાવેજો અને તમામ વીડિયો પુરાવાઓ સાથે સાંજે ૫ વાગ્યા સુધી સંપૂર્ણ રેકોર્ડ રાખવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ૭ ફેબ્રુઆરીએ યોજાનારી ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ બેઠક અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. પરિણામે, મહાનગરપાલિકાના નવા મેયરનું કામ કાજ હાલ પૂરતું અટકાવી દેવામાં આવશે.

CJIની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું, અમે નિર્દેશ આપીએ છીએ કે મેયર ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનો સમગ્ર રેકોર્ડ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ પાસે જમા કરવામાં આવે અને બેલેટ પેપર, વીડિયોગ્રાફી પણ સાચવવામાં આવે. રિટર્નિંગ ઓફિસરને નોટિસ આપવામાં આવી છે કે તેઓ રેકોર્ડ સોંપે.સુપ્રીમ કોર્ટે ચંદીગઢ મેયર ચૂંટણી કેસની સુનાવણી આજે એટલે કે સોમવારથી શરૂ કરી છે. આજની સુનાવણી બાદ કેસની સુનાવણી ૧૨મી ફેબ્રુઆરી સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

એડવોકેટ કુલદીપ કુમારે નવેસરથી મેયરની ચૂંટણીની માંગ સાથે કોર્ટનો સંપર્ક કર્યો છે. વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ મુખ્ય ન્યાયાધીશને ચૂંટણી કાર્યવાહીમાં શું થયું તે જોવા માટે પેનડ્રાઈવ આપી. આ જ પેનડ્રાઈવમાં કથિત રીતે પ્રેસિડિંગ ઓફિસનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં તે બેલેટ પેપર પર પેનનો ઉપયોગ કરી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું. તેમજ ભાજપના ઉમેદવારો કથિત રીતે પાછલા દરવાજેથી કેવી રીતે આવીને મેયરની ખુરશી પર બેસી જાય છે.

# સરકારની તિજોરી ભરાઈ : પાન-આધાર લિંક ન કરનારાઓ પાસેથી વસૂલ્યા ૬૦૦ કરોડ

## કેન્દ્ર સરકારે પાન-આધાર લિંક અંગેની સંસદમાં માહિતી આપી: ૧૧.૪૮ લાખ કરોડ આધારકાર્ડ લિંક કરાયા નથી: નાણા રાજ્યમંત્રી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે આજે સંસદમાં માહિતી આપી છે કે, તેણે પાન-આધાર લિંક કરવામાં વિલંબ કરનારાઓ પાસેથી ૬૦૦ કરોડનો દંડ ફટકાર્યો છે. લગભગ ૧૧.૪૮ કરોડ એકાઉન્ટ પણ બાયોમેટ્રિક ઓળખ સાથે જોડવામાં આવ્યા નથી.

નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખીત જવાબમાં કહ્યુ કે, આધાર સાથે લિંક ન કરાયેલ પાનકાર્ડની સંખ્યા ૨૯ જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં ૧૧.૪૮ લાખ કરોડ છે, જેમાં કેટલી શ્રેણીઓનો સમાવેશ થતો નથી.



વાસ્તવમાં ૩૦ જૂન-૨૦૨૩ની અંતિમ તારીખ બાદ પાન અને આધારને લિંક ન કરનારા વ્યક્તિઓ પાસેથી ૧૦૦૦ રૂપિયાની લેટ પેનલ્ટી દ્વારા સરકારની કમાણીની વિગતો અંગે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, જેના જવાબમાં નાણા રાજ્યમંત્રીએ કહ્યું કે, ૧ જુલાઈ-૨૦૨૩થી ૩૧ જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં જે વ્યક્તિઓએ તેમના પાનને આધાર સાથે લિંક નથી કરાવ્યું તેમની પાસેથી કુલ રૂ.૬૦૧.૯૭ કરોડ વસુલાયા છે.

ઉલ્લેખનીય છે કે, પાનને બાયોમેટ્રિક આધાર સાથે લિંક કરાવાની અંતિમ તારીખ ૩૦ જૂન-૨૦૨૩ હતી. આવકવેરા વિભાગે કહ્યું હતું કે, જે કરદાતા આધાર બતાવવામાં નિષ્ફળ રહ્યા છે, તેમનું પાન કાર્ડ એક જુલાઈ-૨૦૨૩થી નિષ્ક્રિય થઈ જશે અને આવા પાનકાર્ડ ધારકોને કોઈપણ રિફંડ અપાશે નહીં. આ ઉપરાંત ડીટીએસ અને ટીસીએસની વધુ રકમ ચુકવવી પડશે. તેમજ પાનકાર્ડ અને આધારકાર્ડ લિંક કરવામાં વિલંબ ફી ૧૦૦૦ રૂપિયા ચુકવ્યા બાદ જ પાનકાર્ડ ફરી ચાલુ કરાવી શકાશે.

# Paytmના શેરોમાં મોટો કડાકો, રોકાણકારોના ૨૦,૫૦૦ કરોડ રૂપિયા થયા સ્વાહા: ત્રણ દિવસમાં ૪૨ ટકાથી વધુ ઘટયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની સૌથી મોટી ફિટનેક કંપનીઓમાંથી એક વન૯૭ કોમ્યુનિકેશન્સ એટલે કે, Paytmના શેરમાં ઘટાડો યથાવત છે. આજે સતત ત્રીજ ટ્રેડિંગ દિવસે કંપનીના શેર ૧૦%નું લોઅર સર્કિટ લાગી છે. જેના કારણે કંપનીના શેર રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયા છે. મહત્વની વાત એ છે કે આ ત્રણ ટ્રેડિંગ દિવસોમાં કંપનીના શેરમાં ૪૨ ટકાથી વધુનો કડાકો જોવા મળ્યો છે. આ દરમિયાન રોકાણકારોને રૂ. ૨૦,૫૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. બીજી તરફ હવે Paytm પર પણ મની લોન્ડરિંગનો આરોપ લગાવવામાં આવ્યો છે. ED દ્વારા તપાસ કરવાની વાત સામે આવી છે. બીજી તરફ Paytm એ મની લોન્ડરિંગના આરોપોને સંપૂર્ણપણે અફવા ગણાવી છે.

સતત ત્રીજા ટ્રેડિંગ દિવસે Paytmના શેરમાં ઘટાડો નોંધાયો છે.




કંપનીના શેરમાં ૧૦%નું લોઅર સર્કિટ લાગી છે. જેના કારણે કંપનીનો શેર ૪૩૮.૩૫ રૂપિયાના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો હતો. જોકે શુક્રવારે કંપનીના શેરમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો અને કંપનીના શેર રૂ.૪૮૭.૦૫ પર બંધ થયા હતા. ત્રણ ટ્રેડિંગ દિવસોમાં કંપનીના શેરમાં ૪૨.૪૦%નો ઘટાડો જોવા મળ્યો છે. સતત બે દિવસ ક્રુશિંમાં ૨૦%ના ઘટાડા બાદ સ્ટોક એક્સચેન્જોએ લોઅર સર્કિટની લિમિટ ઘટાડીને ૧૦% કરી દીધી છે.

રોકાણકારોની વાત કરીએ તો ત્રણ ટ્રેડિંગ દિવસોમાં Paytm ક્રાઈસિસના કારણે ૨૦,૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. શુક્રવારે કંપનીનું વેલ્યૂએશન રૂ. ૩૦,૯૩૧.૫૯ કરોડ હતું જે ઘટીને રૂ. ૨૭,૮૩૮.૭૫ કરોડ થઈ ગયુ છે. એનો અર્થ એ કે, સોમવારે કંપનીના વેલ્યુએશનમાં ૩૦૯૨.૮૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. જ્યારે ગુરુવાર અને શુક્રવારે કંપનીના વેલ્યુએશનમાં ૧૭૩૭૮.૪૧ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. એટલે કે, ત્રણ દિવસમાં કંપનીના વેલ્યુએશનમાં રૂ. ૨૦,૪૭૧.૨૫ કરોડનું નુકસાન થયું છે.

## પેટીએમ પર પ્રતિબંધથી નાના વેપારીઓની મુશ્કેલી વધી: બિઝનેસ અને પૈસાને સુરક્ષિત રાખવાની જરૂર

પેટીએમ પેમેન્ટસ બેન્કને રોજ નવા નવા ફટકા પડી રહ્યા છે. આરબીઆઇ તરફથી પ્રતિબંધનો સામનો કરી રહેલી બેન્ક માટે હવે વધુ એક નિરાશાજનક સમાચાર આવ્યા છે. ટ્રેડર્સના સંગઠન 'કેટ'એ બિઝનેસ ટ્રાન્જેક્શન માટે પેટીએમના બદલે અન્ય પેમેન્ટ ઓપ્શનનો ઉપયોગ કરવા માટે વેપારીઓને અપીલ કરી છે. આરબીઆઇએ પેટીએમ વોલેટ અને બેન્કના ઓપરેશન પર પ્રતિબંધ મૂકી દીધો હતો.

કેટે કહ્યું છે કે રિઝર્વ બેન્કે પેટીએમ પર પ્રતિબંધ મૂક્યો છે. આથી નાના વેપારીઓને વિકલ્પ શોધવાની જરૂર છે. આનાથી તેમના પૈસા સુરક્ષિત રહેશે. સાથે સાથે કારોબાર કોઇ પણ રીતે રોકાયા વગર સતત ચાલશે.

કન્ફડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ (કેટ)નું કહેવું છે કે નાના વેપારીઓ, વેન્ડર્સ, હોકર્સ અને મહિલા મોટી સંખ્યામાં પેટીએમ મારફતે બિઝનેસ ચલાવે છે. પેટીએમની સામે થઇ રહેલી કાર્યવાહીથી નાના વેપારીઓ મોટી મુશ્કેલીમાં ફસાઇ ગયા છે.

કેટના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે કહ્યું છે કે આરબીઆઇના એક્શનથી પેટીએમની નાણાંકીય સેવાઓ પર પણ ખતરો તોળાઇ રહ્યો છે.

# લોધિકાના રાવકી ગામે સરકારી જમીન પર બુધ્ધ વિહાર બનાવતા મહિલા સહિત બે સામે લેન્ડ ગ્રેબીંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કલેકટરના હુકમથી લોધિકા રાવકી ગામે સરકારી જમીન પર દબાણ કરી ખેડૂતોને હલણનો રસ્તો બંધ કરી દેનાર મહિલા સહિત બે શખ્સો સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ બીગ બજાર પાસે આવેલ એ.પી.પાર્ક શેરી નં.૪માં રહેતા જયંતિભાઈ સોજીત્રા (ઉ.૨૪)એ લોધિકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાવકી ગામે રહેતા હંસાબેન મનસુખભાઈ સિંગલ અને તેના નજીકના સગા મુકેશ ખોડાભાઈ ડાંગરનું નામ આપ્યું છે.

પોલીસ ફરિયાદમાં જથ્થા પ્રમાણે ફરિયાદીનું મુળ વતન રાવકી ગામે હોય અને ત્યાં તેના પિતાના નામે રેવન્યુ સર્વે નં.૬૫૨ પૈકીની પોણા ૯ વિઘા જમીન હોય જે જમીન બે વર્ષ પહેલા ફરિયાદીનાં નામે કરી આપી હતી. જે જમીન ખેડૂતોને ભાગે વાવવા આપેલ છે. ત્રણ વર્ષ પહેલા ફરિયાદીની જમીનને અડીને જ આવેલ સરકારી ખરાબાની કિંમતી જમીન પણ આરોપી મહિલા હંસાબેન સિંગલે દબાણ કરી ઓરડી બનાવી લીધી હતી અને ફરિયાદીનો ખેતરમાં આવવા જવાનો રસ્તો બંધ કરી હતો.

ત્યારબાદ ફરિયાદી બીજા રસ્તે ખેતરમાં આવતાં જતાં હતાં પરંતુ મહિલાએ દોઢ વર્ષ પહેલા ફરી સરકારી જમીનમાં વધુ ઓરડીઓ બનાવીને ખેડૂતોનો હલણનો રસ્તો જ બંધ કરી દીધો હતો. આ બાબતે સમજાવવા જતાં સરકારી જમીનમાં તારે શું લેવા દેવા તેમ કહી ફરિયાદીની આવન જાવન બંધ કરી દીધી હતી.આ બાબતે લેન્ડ ગ્રેબીંગ કમીટી સમક્ષ અરજી કરતાં પુરાવાના આધારે જિલ્લા કલેકટર પ્રભવ જોષીની સુચનાથી આજે લોધિકા પોલીસે મહિલા અને તેના નજીકના સગા સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# ભારતનગરમાં પત્નીને આપઘાતની ફરજ પાડનાર સાસરીયા સામે ફરિયાદ

## લગ્નના બે વર્ષ દરમિયાન દહેજમાં રૂ.બે લાખની માંગણી કરી પરિણિતા પર સાસરિયાઓ ત્રાસ ગુજારતા હતાઃબિહારમાં રહેતા પિતાએ થોરાળા પોલીસમાં ગુનો નોંધાવ્યોઃપતિ સહિતના સાસરિયાઓની ધરપકડ કરવા તજવીજ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ભાવનગર રોડ પર આઈટીઆઈ હોસ્ટેલ પાછળ ભારતનગરમાં પરિણિતાને દહેજ બાબતે ત્રાસ આપી આપઘાતની ફરજ પાડનાર પતિ સહિતના સાસરિયા વિરૂધ્ધ થોરાળા પોલીસમાં માતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરવા ક્વાયત હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ બિહારના હુસ્સેપુર ગામમાં રહેતી અનુરાધાદેવી સુનિલકુમાર કુરમીં ઉ.વ.૫૭ નામની પ્રૌઢાએ ભાવનગર રોડ પર આઈટીઆઈની હોસ્ટેલ પાછળ ભારતનગર શરી નં.૨માં રહેતો સુરજસિંઘ ઓમપ્રકાશસિંઘ, ઓમપ્રકાશસિંઘ બંસીસિંઘ, સોનાદેવી ઓમપ્રકાશસિંઘ, રાજેશસિંઘ, પ્રિયંકાદેવી સહિતના સાસરિયા વિરૂધ્ધ થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છેકે બે વર્ષ પહેલા તેની પુત્રી મનિષાદેવી ઉ.વ.૨૦ના લગ્ન સુરજસિંઘ સાથે થયા હોઈ લગ્નજીવન દરમિયાન અવારનેઅવાર પતિ સહિતના સાસરિયાઓ બે લાખ રૂપિયા દહેજનો માંગણી કરી શારીરીક માનસીક ત્રાસ આપતા હોઈ જેથી કંટારી જઈ તેની પુત્રી મનિષાએ આપઘાત કરી લીધો હોઈ જેને આપઘાતની ફરજ પાડનાર સાસરિયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એચ.કે.રાવલ સહિતના સ્ટાફે ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# વિદ્યુત સહાયકની લડત ઉગ્ર બનીઃ પોલીસે ટીંગાટોળી કરી એનએસયુઆઈના પ્રમુખ સહિત ઉમેદવારોની કરી અટકાયત



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ PGVCL દ્વારા વિદ્યુત સહાયકની ભરતી ન કરવામાં આવતા NSUIની આગેવાનીમાં ઉમેદવારો છેલ્લા ૪ દિવસથી ધરણાં પર બેઠા હતા. ત્યારે આંદોલનનો પાંચમો દિવસ હતો. દરમિયાન બપોરના સમયે પોલીસ કાફલો આવી પહોંચ્યો હતો. 'ધરણાની મંજૂરી લીધી નથી, તમે હવે અહીં બેસી નહીં શકો' કહી NSUIના પ્રદેશ પ્રમુખ સહિતનાં કાર્યકરો તેમજ ઉમેદવારોને ટીંગાટોળી કરી પોલીસ દ્વારા ઉઠાવી લેવાયા હતા. તમામ ઉમેદવારોને એક પછી એક પકડીને પોલીસ બસમાં બેસાડી અટકાયત કરી લેવામાં આવી હતી.

આ મામલે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ મહેશ રાજપૂતે જણાવ્યું હતું કે, જે રીતે અંગ્રેજો પોલીસનો ઉપયોગ કરી આંદોલનને ડામતા હતા. ગાંધીજી ભગવાન રામનું નામ લઈ આંદોલન કરતા હતા, છતાં અંગ્રેજો તેમની પર લાઠીઓ વરસાવતા હતા. એ રીતે જ ભાજપની કેન્દ્રની સરકાર હોય કે રાજ્યની સરકાર હોય પોલીસના બળનો ઉપયોગ કરી ઉમેદવારનો અવાજ ડામવામાં આવી રહ્યો છે. પોલીસ દ્વારા જે રીતે ટીંગાટોળી કરીને તમામની અટકાયત કરવામાં આવી છે તે ગેરવ્યાજબી છે. યુવાનોની માગ હતી તે યોગ્ય હતી અને સાચી હતી, જે ભાજપની સરકાર પૂરી કરી શકે તેમ નથી. ભાજપની સરકાર કોઈના હિતની વાત કરતી નથી, તે પોતાના હિતની જ વાત કરે છે.

# ગોંડલના નામચીન નિખિલ દોંગાને ગુજસીટોકના કેસમાં રેગ્યુલર જામીન મળ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ગોંડલનો નામચીન નિખિલ દોંગા સહિતની ટોળકી સામે ગુજસીટોકનો ગુનો દાખલ થયા બાદ આ નામચીન શખ્સને ભૂજની જેલમાં ધકેલી દેવામાં આવ્યો હોય ત્યારબાદ તે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી નાસી ગયો હોય ત્યારબાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ ગોંડલના કુખ્યાત અને ગુજસીટોકના આરોપી નિખિલ દોંગા કેસમાં પીએસઆઈ સહિત છ આરોપીઓની નિયમિત જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હોય અને ત્યારબાદ ચાર્જસીટ રજૂ થયા બાદ રેગ્યુલર જામીન માટે અરજી કરી હોય ત્યારે ત્રીજા અધિક સેશન્સ જજ તરફથી ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ અરજી નામંજૂર કરવામાં આવી હતી. આજે ગોંડલના નામચીન નિખિલ દોંગાને ગુજસીટોકના કેસમાં રેગ્યુલર જામીન મળ્યા છે.

# નીલગાયનો શિકાર કરતી ટોળકીને લાખોના મુદ્દામાલ સાથે ઝડપી લેતી મોરબી રેન્જ ફોરેસ્ટ વિભાગની ટીમ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી રેન્જ ફોરેસ્ટ ટીમ દ્વારા લક્ષ્મીનગર ગામની સીમમાં દરોડો પાડીને શિકારી ટોળકી ઝડપી લેવામાં આવી છે જેમાં આ ટોળકીના સાત સભ્યોને લાખોના મુદ્દામાલ અને હથિયાર સાથે તેમજ નીલગાય ના મૃતદેહ ના અવશેષો સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

મોરબી રેન્જ ફોરેસ્ટ ની ટીમ ને બાતમી મળી હતી કે મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામની સીમમાં શિકારી ટોળકી આવી છે અને બંદૂકનો ભડાકા નો અવાજ પણ સભળાયો છે જેને લઇને ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા મોડી રાત્રે લક્ષ્મીનગર ગામની સીમમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું

જે દરમિયાન એક સીમમાં એક જગ્યા પર શંકાસ્પદ હિલચાલ દેખાતા ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો અને જયાંથી સાત ઈસમો રમજાન સામતાણી,સિરાજ સામતાણી, મનસુર સામતાણી,ઇબ્રાહિમ કટીયા,આશિક માણેક,અબ્બાસ માણેક અને ઇશાક કટિયા ની અટકાયત કરવામાં આવી હતી તેમજ તેમની પૂછપરછ કરતા તેઓએ કબૂલાત આપી હતી કે બંદૂકના ભડાકે તેઓએ બે નીલગાય નો શિકાર કર્યો હતો અને ત્યાર બાદ નીલગાય ના માસ ને રાંધીને ખાતા હતા.જે બાદ ફોરેસ્ટ વિભાગ દ્વારા એક બંદૂક ,એક મહિન્દ્રા પિકપ બોલેરો,એક સ્વીફ્ટ કાર,એક ઇનોવા ક્રિસ્ટા તેમજ બે બાઇક સહિત ૨૧.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૨(૧૬) (૨૦) (૩૨) (૩૬), ૯, ૩૯, ૫૦, ૫૧ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# માળીયા(મી)ના સરવડ ગામે વૃદ્ધ દંપતીને માર મારી લૂંટના બનાવમાં ફરિયાદ નોંધાઈ



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)ના સરવડ ગામના સરદારનગરમાં રહેતા વૃદ્ધ દંપતીના ઘરમાં ચાર બુકાનીધારી ચોર ઘુસી વૃદ્ધ દંપતીને લાકડાના ધોકા વડે બેફામ માર મારી સોના ચાંદીના ઘરેણાં તેમજ રોકડા રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઇ ગયા હતા. સમગ્ર માર મારી લૂંટ કર્યા મામલે વૃદ્ધ દંપતી મહિલાની ફરિયાદના આધારે માળીયા(મી) પોલીસે અજાણ્યા ચાર ચોર ઈસમો વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સમગ્ર બનાવની પ્રાપ્ત ટૂંક વિગતો અનુસાર માળીયા(મી)ના સરવડ ગામમાં આવેલ સરદારનગરમાં ગત રાત્રીના આશરે ૩.૩૦ વાગ્યાના અરસામાં વૃદ્ધ દંપતી મહિલા જશુબેન ઘરના ફળીયામાં લઘુશંકા કરી પરત ઘરમાં જતા હતા ત્યારે ઘરના દરવાજાને જોરથી ધક્કો મારી ચાર જેટલા બુકાનીધારી શખ્સો હાથમાં ધોકા લઇ ઘરમાં પ્રવેશ કરી જશુબેનને અને તેના પતિ મગનભાઈ જાદવજીભાઈ સુરાણીને લાકડાના ધોકા વડે બેફામ માર મારી ઘરમાં રહેલ રોકડ ૩,૭૦૦/- રૂપિયા તેમજ ચાંદીના ચાર જોડી સાંકળા તથા જશુબેને કાનમાં પહેરેલ સોનાની બુટી તેમજ એક એન્ડ્રોઇડ મોબાઇલ લઈને ચાર બુકાનીધારી ચોર ઈસમો વૃદ્ધ દંપતીને ઘરના આગળ પાછળના દરવાજામાં આગળીયા વાસી દઈ પૂરીને નાસી ગયા હતા. ત્યારે મગનભાઈએ ઘરની બારી ખોલી દેકારો કરતા થોડે દૂર આવેલ પાડોશીઓ આવી બંને વૃદ્ધ દંપતીને ઘરની બહાર કાઢ્યા હતા.

સમગ્ર લૂંટના બનાવ બાદ બંને ઈજાગ્રસ્ત વૃદ્ધ દંપતીને માળીયા(મી) સરકારી દવાખાને પ્રાથમિક સારવારમાં મગનભાઈને શરીરે મુંઢ ઈજાઓ અને માથાના ભાગે ત્રણ ટાકા આવ્યા હતા જયારે જશુબેનને મુંઢ ઈજાઓ થઇ હોય જેથી બંનેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. સમગ્ર માર મારી લૂંટની ઘટના મામલે જશુબેન મગનભાઈ જાદવજીભાઈ સુરાણીએ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે ચારેય અજાણ્યા બુકાનીધારી ચોર વિરુદ્ધ આઇપીસી કલમ ૩૯૪,૪૫૦,૧૧૪ તથા જીપી એક્ટ હેઠળ ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# જામનગરમાં સ્કૂલેથી છૂટ્યા પછી ગૂમ થયેલા કિશોરને શોધી કાઢતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં શંકર ટેકરી દલિત નગર વિસ્તારમાં રહેતો ૧૩ વર્ષનો કિશોર ગણપત નગર વિસ્તારમાં આવેલી શાળાએ ગયા પછી એકાએક લાપતા બન્યો હતો. સમગ્ર મામલો પોલીસ મથકમાં લઈ જવાયા પછી મોડી રાત્રે પોલીસે બાળકને શોધી કાઢ્યો હતો, અને તેના માતા-પિતા સાથે મિલન કરાવી દેતાં પરિવારજનોએ હર્ષના આંસુ સાથે તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. આ બનાવ ની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી નજીક હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા કાંતિભાઈ પુંજાભાઈ ખીમસુરીયા નો ૧૩ વર્ષ નો પુત્ર કે જે ગણપત નગર વિસ્તારમાં આવેલી એક શાળામાં અભ્યાસ કરવા જાય છે, ત્યાં બાળકના વાલીએ સવારે ૮.૩૦ વાગ્યે બાળકને સ્કૂલે મૂક્યા પછી બપોર પછી છૂટીને બાળક પરત ફર્યો ન હતો, તેથી પરિવારજનોમાં ચિંતા નું મોજુ પ્રસર્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન બાળકની શોધખોળ કરવા છતાં પણ કોઈ પત્તો નહીં સાંપડતાં આખરે મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને બાળક લાપતા બન્યાની જાણ કરાઈ હતી. જેથી પોલીસ તંત્રએ સમગ્ર બનાવવાની ગંભીરતા સમજી હતી, અને સીટી સી. ડિવિઝનના ઇનચાર્જ નાયબ પોલીસ અધિકારી નયના ગોરડીયા દ્વારા જુદી જુદી અલગ ટીમો બનાવી હતી, અને બાળકને શોધવા માટેની કવાયત શરૂ કરી હતી. દરમિયાન રાત્રિના અઢી વાગ્યાના અરસામાં બેડીબંદર રીંગરોડ પર આવેલા નીલકંઠ પાર્કની સામે હનુમાનદાદાના મંદિરના ઓટલા પરથી બાળક મળી આવ્યો હતો. જેનો કબજો સંભાળી બાળકના વાલીઓને પોલીસ મથકે બોલાવી લીધા હતા, અને તેનો કબજો સોંપી આપ્યો હતો. જેથી બાળકના પરિવારમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી, અને હર્ષના આંસુ સાથે પોલીસ તંત્ર નો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબી જિલ્લાના કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીનું શૈક્ષિક મહાસંઘ દ્વારા અભિવાદન

## મોરબી જિલ્લાનાં નવનિયુક્ત અધિકારીઓનું અભિવાદન અગ્રણી નાગરિકો દ્વારા કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**



રાષ્ટ્ર કે હિત મેં શિક્ષા,શિક્ષા કે હિત મેં શિક્ષક,શિક્ષક કે હિત મેં સમાજના ધ્યેય સૂત્ર સાથે કે કામ કરતું સંગઠન એટલે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પોતાની ફરજની સાથોસાથ સમાજ ઉપયોગી કાર્યો કરતા સંગઠનના કાર્યકર્તાઓએ મોરબી જિલ્લાના નવનિયુક્ત કલેકટર કે.બી.ઝવેરી અને જિલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા તૈયાર કરવામાં આવેલ ધ્યેય મંત્રો મેં ઝલકતા, સ્વત્વ ભારત કા! કેલેન્ડર અર્પણ કરી અભિવાદન કરાયું જેમાં આપણાં ભારતનો ધ્યેય મંત્ર સત્ય મેવ જયતે લોકસભાનો ધ્યેય મંત્ર ધર્મ ચક્ર-પ્રવર્તનાય સર્વોચ્ચ ન્યાયલનો ધ્યેય મંત્ર યતો ધર્મસ્તતો જયઃ રાષ્ટ્રીય રક્ષા એકેડમીનો ધ્યેય મંત્ર સેવા પરમો ધર્મઃ આરોગ્ય વિજ્ઞાનની સંસ્થાઓના ધ્યેય મંત્ર સર્વે સન્તુ નિરામયા રાષ્ટ્રીય માનવાધિકાર આયોગનું સર્વે ભવન્તુ સુખિનઃ એનસીઆરટીનો વિદ્યાઅમૃતમશનુતે અનુસંધાન અને વિશ્લેષણ સ્કન્ધ (R.A.W) નો ધ્યેય મંત્ર ધર્મો રક્ષતિ રક્ષતિ (આઈ.બી.) નો જાગૃતં અહર્નિશમ આકાશવાણી બહુજનહિતાય બહુજનસુખાય દૂરદર્શન સત્યમ શિવમ સુંદરમ રાષ્ટ્રીય પોલીસ એકેડમી સત્યમ સેવા સુરક્ષણમ વગેરે વિવિધ સંસ્થાઓના ધ્યેય મંત્રો ક્યાંથી લેવામાં આવ્યા છે.એનો અર્થ શું થાય વગેરેનું ખુબજ સચિત્ર ચરિત્રણ અને નિરૂપણ કરવામાં આવ્યું છે.એ કેલેન્ડર દ્વારા મોરબી જિલ્લાના નવનિયુક્ત અધિકારીઓનું અભિવાદન દિનેશભાઈ વડસોલા અધ્યક્ષ કિરણભાઈ કાચરોલા મંત્રી, સંદિપભાઈ આદ્રોજા વરિષ્ઠ ઉપાધ્યક્ષ, ધીરજલાલ જાકાસણીયા ઉપાધ્યક્ષ જિલ્લા ટીમ તેમજ સંદિપભાઈ લોરીયા અધ્યક્ષ તાલુકા ટીમ-મોરબી દ્વારા કરવામાં આવ્યું.

# જામનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ૨૦મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક મળી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર , કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જામનગર ખાતે ૨૦મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક મળી હતી. જેમાં જામનગર અને દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં ગત વર્ષ ૨૦૨૩ દરમિયાન થયેલ કામગીરી તથા ચાલું વર્ષ-૨૦૨૪ દરમિયાન કરવાની થતી કૃષિલક્ષી કામગીરીની સમીક્ષા તેમજ પરામર્શ કરવામાં આવેલ. ત્યારબાદ વૈજ્ઞાનિકો દ્વારા અલગ-અલગ વિષય પર કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ, જૈવિક ખેતી, ખેતી પર વાતાવરણની અસરો તેમજ ખેતીમાં આધુનીકરણ અને ખેતીખર્ચ ઘટાડો તેમજ પ્રાકૃતિક ખેતી વગેરે જેવાં મુદ્દાઓ પર ભાર આપવામાં આવ્યો હતો.આ બેઠકમાં પ્રગતિશીલ ખેડૂત વિશાલ જેસડીયાને મિલિયોનેર ફાર્મર ઓફ ધ ઇન્ડિયા બલદેવ ખાત્રાણીને સરદાર પટેલ સંશોધ્નાન પુરષ્કાર તેમજ કિશોરભાઈ પેઢડીયાને રાજ્ય કક્ષાનો બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ તેમજ પાયલબેન કંટારીયાને નાગલી મેડમ સાલ અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યા હતા. કુલપતિ ડો. વિ. પી. ચોવટિયાએ બદલતા વાતવરણમાં આવનાર ખેતી વિષયક પ્રશ્નોને પહોંચી વળવા વૈજ્ઞાનિકો અને ખેડૂતોને ટકોર કરેલ હતી અને ખેતીમાં આવતી રોગ જીવાતોની સમસ્યાનો હલ કરવા નવીનતમ ટેકનોલોજી વાપરવાની ભલામણ કરી હતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીનાં કુલપતિ ડો. વિ. પી. ચોવટિયા સાહેબની અધ્યક્ષતામાં બેઠક મળી હતી જેમાં જામનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વડા ડો. કે. પી. બારૈયા. ડો. એન. બી. જાદવ, વિસ્તરણ શિક્ષણ નિયામક, જુનાગઢ કૃષિ યૂનિ.ના સહ સંશોધન નિયામક, સંશોધન વૈજ્ઞાનિક ડો. ડી. એસ. હીરપરા , જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ પશુપાલન નિયામક, લાઈન ડીપાર્ટમેન્ટના સભ્યો તેમજ જીલ્લાનાં પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

# અરવલ્લીના મોડાસામાં વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલજી મહોદયના મુખે આગામી તા.૯ ફેબ્રુઆરી સુધી સત્સંગ મહોત્સવ યોજાશે

**મુખ્ય સમાચાર, યોગેશ પટેલ**



**અરવલ્લી:** અરવલ્લી જિલ્લાના મોડાસામાં વૈષ્ણવ દ્વારા વૈષ્ણવાચાર્ય શ્રી દ્વારકેશ લાલજી મહોદય ના મુખે સત્સંગ મહોત્સવ તારીખ ૩ ફેબ્રુઆરી થી ૯ ફેબ્રુઆરી સુધી ગિરિરાજ ધામ સ્વર્ણિમ પાર્ટી પ્લોટમાં રાખવામાં આવેલ છે જેના મનોરથી ડો. મુકુંદલાલ. વિ.શાહ તથા ડો.ચેતનભાઇ અને ડો. ધવલભાઇ દ્વારા વૈષ્ણવ સમાજના યુવા પ્રેરણામૂર્તિ આચાર્ય દ્વારકેશ લાલજી ૧૭ માં વંસજ છે જે સંસ્કૃત વિષયમાં માસ્ટર્સ સુધીનો અભ્યાસ કર્યા બાદ ભગવત ગીતા શ્રીમદ ભગવત ઉપનિષદ તથા વિદ્વતાની સાથે વક્તવ્યનો પણ ગુણ વિધવાન છે જેમને સમગ્ર વૈષ્ણવ સમાજને સંગઠિત કરવા સંઘની સ્થાપના કરી છે જેની ભારત ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં શાખા આપવામાં આવી છે અને સમગ્ર દેશમાં તેમની દિવ્ય વાણીનો લાભ આપી રહ્યા છે જેમને વલ્લભ કુલ આચાર્ય તરીકેનું ગૌરવ પણ પ્રાપ્ત છે જે પાંચે ખંડોમાં તેમની હવેલી ની સ્થાપના કરી છે સમગ્ર આફ્રિકા ખંડની સૌ પ્રથમ હવેલી શ્રી વલ્લભ ધામ સ્થાપવાનો પણ શ્રે તેમના ફાડે જાય છે અમેરિકાના મેરીલેન્ડ રાજ્યમાં શ્રી નાથદ્વારા નાથધામ હવેલી તથા વૈષ્ણવ સંઘ એકેડેમી તથા વ્રજધામ હવેલી નું નિર્માણ પણ થયેલ છે ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેરમાં શ્રી નાથદ્વારા હવેલી સીડનીમાં વ્રજવેલી એડીલેટમાં વલ્લભધામ હવેલી ની સ્થાપના થઈ ચૂકી છે ત્યારે ઇંગ્લેન્ડમાં લેસ્ટર શહેરમાં તથા ભારતના અનેક શહેરોમાં હવેલીઓનું નિર્માણ સાથે અમદાવાદ બોપલ વિસ્તારમાં ભક્તિધામ નામથી વિશિષ્ટ સંકુલ આપ શ્રી દ્વારા નિમિત કરવામાં આવેલ છે આ મહંત દ્વારા વિદ્યાર્થીઓને દત્તક યોજના વિશાળ પાયે ચલાવવામાં આવે છે અને કોરોના કાળથી અન્નદાન યોજના વિશાળ પાયામાં ચલાવવામા આવે છે ક્રાંતિકારી વિચારો.દેશ વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત કરેલ મહંતના સ્વમુખે ભાગવતનું સ્મરણ કરવું એ જીવનનો એક લાહો છે તો પ્રભાવશાળી આચાર્યશ્રી માટે સર્વે વૈષ્ણવો ગૌરવ અનુભવે છે તો આવા વૈષ્ણવ માટે મોડાસા ના સ્વર્ણિમ સંકુલ પાર્ટી પ્લોટ માં ભગવત કથા છે તો સર્વે વૈષ્ણવોએ લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

# ગોંડલની નાની બજારમાં મહિલાના પર્સમાંથી સોનાના ચેઈનની ચોરી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલની નાનીબજાર માં ખરીદીમાં આવેલી મહીલા ની બેગમાં બ્લેડથી કાપો મારી સોનાના ચેઇનની ચોરી થતા પોલીસ ફરિયાદ થઈ છે. ગોંડલ તાલુકા નાં શિવરાજગઢના રીધ્ધીબેન પીપળીયાએ અમિત જવેલર્સમાંથી ૫ ગ્રામ સોનાનો ચેઇનની ખરીદી કરી હતી, જે પછી નાની બજારમાં ખરીદી કરવા જતાં સીલેક્શન હાઉસ કટલેરીની દુકાનમાં તસ્કરે ચોરીને અંજામ આપ્યો હતો. આ બનાવ સીસીટીવીમાં કેદ થતા પોલીસે ફૂટેજ કબ્જે લઈ આરોપીની શોધખોળ હાથ ધરી છે. ફરિયાદી રીધ્ધીબેન દીક્ષીતભાઈ પીપળીયા (ઉ.વ-૨૪) રહે.શીવરાજગઢ બસસ્ટેશન પાસે ફરિયાદમાં જણાવ્યું કે, ગત તા. ૧૦/૧/૨૦૨૪ ના બપોરના સમયે હું તથા મારા મમ્મી વિલાસબેન, મારા પતિ દીક્ષિતભાઈ બધા ગોંડલ ખરીદી કરવા માટે આવ્યા હતા. મેં અમીત જવેલર્સ નામની દુકાનેથી એક ૫ ગ્રામના સોનાના ચેઈનની ખરીદી કરી હતી. જે ચેઇન એક કાપડની થેલીમાં નાખી અમે ગોંડલની નાની બજારમાં ખરીદી કરવા માટે ગયા હતા. બપોરના ચારેક વાગ્યે ગોંડલની સિલેક્શન હાઉસ નામની દુકાનમાં અને તિરૂમાલા સોપીંગ નામની દુકાનમાંથી ખરીદી કરી અમે બધા આશરે સાંજના પાંચેક વાગ્યે દેવડા ગામે મારા મમ્મીના ઘરે પાછા ગયા હતા. ત્યાં ઘરે પહોંચી મેં મારું બેગ ખોલીને જોયુ તો બેગમાં કોઈએ બ્લેડથી કાપો માર્યો હોય તેવું જોવા મળેલ. બેગમાં મુકેલ વસ્તુ જોઈ તો મારો ૫ ગ્રામનો સોનાનો ચેઈન જોવા મળેલ નહીં. પરીવારજનોને આ અંગે વાત કરતા, બીજે દિવસે અમે ગોંડલ આવીને જ્યાં જ્યાં ખરીદી કરવા ગયા તેના સી.સી.ટી.વી. ચેક કર્યા હતા. દરમિયાન અમે સીલેક્શન હાઉસ નામની કટલેરીની દુકાનના સીસીટીવી ચેક કરતા જોવા મળેલ કે, કોઈ અજાણ્યા શખ્સે બ્લેડ કાઢી મારી બેગમાં કાપો માર્યો હતો અને ૫ ગ્રામ નો સોનાનો ચેન જેની કિંમત રૂ.૨૭૯૬૪ થાય છે તે ચોરી કરી લઈ ગયો હતો.

ફરિયાદના આધારે ગોંડલ સિટી પોલીસે અજાણ્યા શખ્સ ગુનો દાખલ કર્યો છે અને સીસીટીવી ફુટેજના આધારે આરોપીની ઓળખ કરવા અને તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# કેકેવી બ્રિજ પર ઓઈલ ઢોળાતા અનેક વાહનચાલકો લપસ્યા: તંત્રની ત્વરિત કામગીરીથી ફરીથી રસ્તો સાફ બન્યો




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેકેવી બ્રિજ પર સવારના સમયે બ્રિજ પર ઓઈલ ઢોળાઈ જવાની ઘટના સામે આવી હતી. ઓઈલનાં કારણે ત્યાંથી પસાર થતા વાહન ચાલકો લપસ્યા હતા. જોકે આ અંગેની જાણ થતાં તંત્ર દોડી ગયું હતું અને રસ્તો બંધ કરાવી પાણીનો મારો ચલાવી ઓઈલ સાફ કરવામાં આવ્યું હતું.

આ ઘટનાને પગલે થોડીવાર માટે બ્રિજની એક સાઈડ બંધ કરવામાં આવતા ટ્રાફિકજામનાં દૃશ્યો સર્જાયા હતા. જોકે ઘટનાને પગલે પોલીસ પણ દોડી આવી હતી. લોકોને બ્રિજ પર જતાં રોકવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ બ્રિજ પરથી ઓઈલની સફાઈ કરાય ત્યાં સુધી આ રસ્તેથી પસાર થતા વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈપણ વ્યક્તિને ગંભીર ઇજા કે મોત થયું નહોતું. તંત્રએ ત્વરિત કામગીરી કરતા મોટી દુર્ઘટના ટળી હતી.

# લક્ષ્મીનગર અંડરબ્રીજ પાસે શાળાએ જતી સગીરાની છેડતી


**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના મંગળા રોડ પર એક એપાર્ટમેન્ટમાં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા વણીક પ્રૌઢે એડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે બપોરના સમયે તેની ૧૪ વર્ષની પુત્રી અને પાડોસમાં રહેતા તેના મીત્રની પુત્રી એમ બંને સાઈકલ પર સ્કૂલે જવા નિકળી હતી ત્યારે લક્ષ્મીનગર અંડરબ્રીજ પાસે રોડ પર પહોંચતા જગદીશ કિરણ પરમાર નામનો શખ્સ તેની પાછળપાછળ જઈ બંને સગીરાઓને અટકાવી તેનો હાથ પકડી બાથ ભરી શારીરીક અડપલા કરી છેડતી કરી હતી. સગીરાઓએ પ્રતીકાર કરતા આ શખ્સે તેની સાથે જપાજપ્પી કરતા ગાલ અને ગળા પર નખથી ઈજાના નિશાનો થયા હતા.બનાવના પગલે એડિવિઝન પોલીસે વણીક પ્રૌઢની ફરિયાદ નોંધી પીઆઈ ડી.એન.હરીપરાએ છેડતી કરનાર જગદીશ પરમારની શોધખોળ શરૂ કરી છે.

# ગોંડલના સડક પીપળીયા પાસે મિત્રના બાઈક પાછળથી નીચે પટકાતા પ્રૌઢનું મોત

## વાંકાનેરમાં શિક્ષક પત્નીના નિવૃતિના કાગળો લઈ પરત આવતી વેળાએ બનાવ બન્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



જેતપુરમાં રહેતા આધેડ વાંકાનેરમાં શિક્ષક પત્નીના નિવૃત્તિના કાગળો કરી પરત ફરી રહ્યા હતા ત્યારે ગોંડલના સડક પીપળીયા પાસે મિત્રના બાઈક પાછળથી અકસ્માતે નીચે પટકાતા મોત નીપજ્યું હતું આધેડના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જેતપુરમાં આવેલા સરદાર ચોકમાં રહેતા દિલીપભાઈ છોટેલાલ ગોહેલ નામના ૫૮ વર્ષના આધેડ પાંચ દિવસ પૂર્વે મિત્ર શૈલેષભાઈના બાઈક પાછળ બેસીને વાંકાનેરથી જેતપુર પરત ફરી રહ્યા હતા ત્યારે ગોંડલના સડક પીપળીયા પાસે મિત્રના બાઈક પરથી દિલીપભાઈ ગોહેલ અકસ્માતે નીચે પટકાયા હતા દિલીપભાઈ ગોહિલને ગંભીર ઇજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં દિલીપભાઈ ગોહેલ ત્રણ ભાઈ બે બહેનમાં વચ્ચેટ હતા. તેમને સંતાનમાં બે પુત્રી છે અને પોતે નિવૃત્ત શિક્ષક હતા. તેની પત્ની હર્ષિદાબેન વાકાનેરમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે અને તેના નિવૃત્તિના કાગળો કરીને વાંકાનેરથી જેતપુર પરત ફરી રહ્યા હતા ત્યારે મિત્રના બાઈક પરથી અકસ્માતે નીચે પટકાતા મોત નીપજ્યુ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રામકૃષ્ણનગરમાં થાંભલા સાથે બાઈક અથડાતા યુવાનનું કરૂણ મોત

## પિતાને નોકરી પર મુકી પરત ઘરે જતી વેળાએ પરિવારના એકના એક પુત્રને કાળ આંબી જતા કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રામકૃષ્ણનગરમાં થાંભલામાં બાઈક ઘૂસી જતાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા પરિવારના એકના એક યુવાન પુત્રનું મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. પિતાની નોકરી ઉપર મૂકી હતો ત્યારે કોઈ કારણસર બાઈક થાંભલા સાથે ટકરાયું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રીનલેન્ડ ચોકડી પાસે મણીનગરમાં રહેતો પાર્થ મુકેશભાઈ આચાર્ય (ઉવ.૨૧) નામનો યુવાન ગઈ કાલે રાત્રે ૧૧ વાગ્યે બાઈક લઈને જતો હતો ત્યારે રામકૃષ્ણનગર શેરી નં.૧૦માં પહોંચતા કોઈ કારણસર હેન્ડલ કાબૂ ગુમાવતા બાઈક થાંભલામાં ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પાર્થને ગંભીર ઈજા થતા ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું આ અંગે એ-ડીવીઝન પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક પાર્થ માતા-પિતાનો એક પુત્ર હતો અને કર્મકાંડનું કામ કરતો હતો. તેના પિતા વિદ્યાનગર રોડ પર ગોકુલ હોસ્પિટલમાં નાઇટ ડયુટીમાં ચોકીદાર તરીકે નોકરી કરતા હોય રાત્રે પાર્થ તેના પિતાને નોકરી ઉપર મૂકી બાઈક લઈ જતો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. એકના એક પુત્રના મૃત્યુથી પરિવારમાં ભારે ગમગીની છવાઇ જવા પામી છે.

## લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

# રાજકોટ ખાતે આસિસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસરની બીજા તબક્કાની તાલીમનો પ્રારંભ

## ૧૮ જિલ્લાના ૪૧ એ.આર.ઓ.ને પાંચ દિવસીય ચૂંટણીલક્ષી કામગીરી અંગે તજજ્ઞો દ્વારા તાલીમ અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**




ગુજરાત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આગામી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ ની પૂર્વ તૈયારીના ભાગરૂપે રાજકોટ જિલ્લા કલેક્ટર ઓફિસ અને જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા બીજા તબક્કાના આસિસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસર (એ.આર.ઓ.)ના સર્ટિફિકેશન પ્રોગ્રામનો આજરોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ તાલીમ કાર્યક્રમ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ તકે નિવાસી અધિક કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ચેતન ગાંધીએ તમામ અધિકારીશ્રીઓનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ચૂંટણીલક્ષી કામગીરી સારી રીતે નિભાવવા કામગીરી સાથે સતત સંપર્કમાં રહેવું તેમજ કમિશન દ્વારા અપડેટ કરવામાં આવતા નિયમોથી માહિતગાર રહેવું જરૂરી છે. રીટર્નિંગ ઓફિસર સાથે કામગીરીમાં તાલમેલ માટે રિફ્રેશમેન્ટ તાલીમ જરૂરી છે, ત્યારે તમામ અધિકારીઓ ખૂબ સારી રીતે આ તાલીમનો લાભ મેળવે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

પાંચ દિવસીય તાલીમના પ્રારંભે હિમાચલ પ્રદેશમાંથી આવેલા નેશનલ લેવલ માસ્ટર ટ્રેનર દીપ્તિ મંદોત્રાએ પ્રથમ સેશનમાં આસિસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસર તરીકેના નિયમો અને ફરજો અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી માર્ગદર્શન આપી નોમિનેશન પ્રક્રિયાથી લઈ સ્ક્રુટિની સુધી વિવિધ તબક્કે નિયમોને આધીન કઈ રીતે કામગીરી કરવી, તેની સમજ પુરી પાડી હતી. તેઓએ વિશેષ સૂચના આપતાં જણાવ્યું હતું કે દરેક ચૂંટણીને પ્રથમ ચૂંટણી સમજી કામગીરીને ખૂબ જ ગંભીરતાથી લેવી જરૂરી છે

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ ખાતે ૨૯ જાન્યુઆરીથી બીજી ફેબ્રુઆરી સુધી પ્રથમ બેચમાં એ. આર. ઓ.ની ટ્રેનિંગ પૂર્ણ થયા બાદ બીજા તબક્કામાં પાંચમી ફેબ્રુઆરીથી નવમી ફેબ્રુઆરી સુધી બીજી બેચમાં કુલ મળીને ૯૫ જેટલા એ.આર.ઓ. ને તાલીમ આપવામાં આવશે. ચૂંટણી આયોગ દ્વારા આયોજિત આ પ્રોગ્રામમાં ચૂંટણી અધિકારીઓ સર્વેશ્રી દીપ્તિ મંદોત્રા, રાજેશ કાનુનગો, ડો. મનીષકુમાર અગ્રવાલ, શ્રી એમ એ સૈયદ, ડો. શશી શેખર રેડ્ડી સહિતના નેશનલ લેવલના ટ્રેનર દ્વારા નોમિનેશનથી લઈ મત ગણતરી સુધી વિવિધ તબક્કે ચૂંટણીલક્ષી કામગીરી અંગે ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયાની ગાઈડલાઈન મુજબ માર્ગદર્શન પૂરું પાડશે.

આજથી શરુ થયેલ તાલીમ કાર્યક્રમની બીજી બેચમાં જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, મહીસાગર, મોરબી, અરવલ્લી, અમરેલી, ખેડા, બોટાદ, ભાવનગર, વડોદરા, આણંદ, પંચમહાલ, છોટા ઉદેપુર, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તેમજ રાજકોટ સહિત ૧૮ જિલ્લાના ૪૧ એ.આર.ઓ.નો સમાવેશ કરાયો છે.આ તકે પ્રાંત અધિકારીજે. એન. લીખીયા, ચૂંટણી મામલતદાર એમ. ડી. દવે, તાલીમ નાયબ મામલતદાર સી. વી. કુકડીયા, નાયબ મામલતદાર વિક્રમસિંહ ઝાલા સહિત ચૂંટણી શાખાના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી બન્યા છે.

# રાજકોટમાં ૯ ફેબ્રુઆરીએ યોજાનારી પ્રખરતા શોધ કસોટી અંગે પ્રતિબંધાત્મક આદેશો જાહેર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ને શુક્રવારનાં રોજ પ્રખરતા શોધ કસોટી - ૨૦૨૪ જુદી-જુદી શાળાઓમાં કુલ ૦૭ કેન્દ્રો ખાતે સવારે ૧૧ કલાકથી બપોરે ૦૧ કલાક સુધી તથા બપોરે ૦૨ કલાકથી સાંજે ૦૪ કલાક સુધી લેવાનાર છે. પરીક્ષાર્થીઓ પરીક્ષા કોઇપણ જાતની ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે, તે હેતુસર શહેર પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ શહેરમાં પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ તેમજ ચાર કે તેથી વધારે વ્યકિતઓ એકત્રીત થઈ શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં સ્ટેશનર્સ, વેપારીઓ, શાળા સંચાલકોને ઝેરોક્ષ મશીન અને ફેક્સ મશીન ચાલુ રાખવાની મનાઈ છે. શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહીં કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં.

આ ઉપરાંત, પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન જેવા ઇલેક્ટ્રોનીક સાધનો પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જઈ શકશે નહીં તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઇ જવાના રહેશે નહીં. પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના કર્મચારીઓએ ચોકસાઇપુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને સબંધિતોએ ઓળખકાર્ડ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરી શકશે નહીં. આ આદેશ તા. ૦૯ ફેબ્રુઆરીના રોજ તમામ પરીક્ષા કેન્દ્રોમાં સવારે ૦૯ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર બનશે.

# જામનગરમાં શરાબની હેરાફેરી કરતા ૪ શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના દિ.પ્લોટ ૫૮માં બે શખ્સને બાઇકમાં ઇંગ્લીશ દારુની ૧૦ બોટલ લઇને નીકળતા કુલ એક લાખના મુદ્દામાલ સાથે પકડી લીધા હતા જેમાં એકનું નામ ખુલ્યુ હતું, જયારે શહેરના હિંગળાજ ચોક વિસ્તારમાં રીક્ષામાંથી ઇંગ્લીશ દારુની ૪૮ બોટલ સાથે એક શખ્સની અટકાયત કરવામાં આવી હતી જેમાં પણ એકનું નામ ખુલ્યુ હતું, ઉપરાંત દરેડ ગૌશાળા સર્કલ પાસે એક શખ્સ દારુની એક બાટલી સાથે ઝપટમાં આવ્યો હતો.રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવએ પ્રોહી જુગારના કેસો શોધી કાઢવા જણાવેલ હોય જેથી એસપી પ્રેમસુખ ડેલુ તથા એલસીબી પીઆઇ બી.એન. ચૌધરીના માર્ગદર્શન મુજબ પીએસઆઇ આર.કે. કરમટા, પીએસઆઇ પી.એન. મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન સ્ટાફના હરદીપભાઇ બારડ, રુષિરાજસિંહ વાળાને મળેલ ખાનગી હકીકત આધારે કિશન મયુર કનખરા (ઉ.વ.૨૮) રહે. કિશાન ચોક, માલદે ભુવન, ગરબી ચોક, જામનગર તથા અર્જુનસિંહ બળવંતસિંહ રાઠોડ (ઉ.વ.૩૬) રહે. દિ.પ્લોટ ૪૫, માલુભાનો ચોક, સુભાષપરા શેરી નં. ૧ વાળો બ્લેક કલરની એકટીવા નં. જીજે૧૦ડીકયુ-૨૭૩૬ તથા હીરો સ્પ્લેન્ડર પ્લસ નં. જીજે૧૦એસ-૬૩૪૪ સાથે જામનગરવાળાના કબ્જામાંથી ૧૦ બોટલ ઇંગ્લીશ દારુ, કિ. ૪૦૦૦ તથા બે મોબાઇલ કિ. ૧૦.૦૦૦ તથા બે મોટરસાયકલ ૯૦ હજાર મળી કુલ ૧.૦૪ લાખના મુદ્દામાલ સાથે મળી આવતા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી, દારુ સપ્લાયર ભાવેશ દામા રહે દિ.પ્લોટ ૫૮ જામનગર વાળાને ફરાર જાહેર કરી પ્રોહીબીશન મુજબ ગુનો દાખલ કર્યો હતો.સીટી-એ ડીવીઝન પીઆઇ એન.એ. ચાવડા, પીએસઆઇ એમ.એન. રાઠોડની સુચનાથી સ્ટાફ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો ત્યારે વિજયભાઇ તથા રવિભાઇને મળેલી બાતમીના આધારે દરોડો પાડી શહેરના ઓધવરામ નગરમાં રહેતા સતિષ લક્ષ્મીદાસ ગજરાને ઓટો રીક્ષા નં. જીજે૧૦ટીડબલ્યુ-૯૩૪૫માં વિદેશી દારુની ૪૮ બોટલો લઇને હિંગળાજ ચોક પાસેથી નીકળતા સીટી-એ પોલીસે પકડી લીધો હતો, દારુ, રીક્ષા મળી કુલ ૧.૭૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. તપાસ દરમ્યાન જામનગરના રમેશ ઉર્ફે રમલો મારુતી મંગલદાસ હરવરાનું નામ ખુલ્યુ હતું.

અન્ય દરોડામાં જામનગરના તિરુપતી સોસાયટી શિવ ટાઉનશીપ ખાતે રહેતા સોહીલ દિનેશ સંજોડને વ્હીસ્કીની ૧ બોટલ સાથે દરેડ જીઆઇડીસી ફેસ-૩, ગૌશાળા સર્કલ નજીકથી પકડી પાડવામાં આવ્યો હતો

# કચ્છના કેરામાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' બાર દિવસીય રાષ્ટ્રીય એનસીસી કેમ્પ સંપન્ન થયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અને રાજકોટ નેવીના કેડેટ્સ જોડાયા હતા.કચ્છના કેરાની એચજેડી ઇન્સ્ટિટયૂટમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત (EBSB) બાર દિવસીય રાષ્ટ્રીય એનસીસી કેમ્પનું આયોજન હાથ ધરાયુ હતું. તા. ૨૩ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી યોજાયેલો રાષ્ટ્રીય કેમ્પ ગુજરાત એનસીસી ડાયરેકટના એડિશનલ ડાયરેક્ટર જનરલ રમેશ શનમુગમનાં નિર્દેશન અનુસાર કરવામાં આવ્યું હતું.ભુજના કેરા ખાતે આયોજિત રાષ્ટ્રીય કેમ્પમાં જામનગર શહેરનાં ૨૭, ગુજરાત બટાલિયન, એનસીસી અને ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીના કુલ ૪૨ કેડેટસે આ કેમ્પમાં ભાગ લીધો હતો. આ રાષ્ટ્રીય કેમ્પમાં જામનગર, રાજકોટ, વડોદરા, અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર એનસીસી ગ્રુપ હેડ. ક્વાર્ટર્સના આર્મી, નેવી, એરફોર્સના ૪૦૦ જેટલા કેડેટસે ભાગ લીધો હતો.કેમ્પ દરમિયાન કેડેટસ્ને કચ્છની સંસ્કૃતિ અને કલા વારસાનો પરિચય કરાવવામાં આવ્યો હતો. સફેદ રણ (ધોરડો)ની મુલાકાત, બોર્ડર આઉટ પોસ્ટ ધર્મશાલામાં શહીદ સ્મારકની મુલાકાત, માંડવી દરિયાકિનારે સ્વચ્છતા અભિયાન, પેરાકમાન્ડો દ્વારા કપરી તાલીમ વિષયક ઉદબોધન, ટેઈકવોન્ડો કોરિયન સ્વરક્ષણ તાલીમ, આર્ટીફિશીયલ ઈન્ટેલીજન્સ, ભારતની વસતી, સ્ક્રીન ટાઈમ વિષયો પર કેડેટ સંવાદ, જલ બચાવ પધ્ધતિઓ અંગે જાગૃતિ, ગ્લોબલ વોર્મિંગ ચિત્રસ્પર્ધા, રસ્સાખેંચ- વોલીબોલની હરિફાઇ, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાત એનસીસી ડાયરેકટરેટના ડીડીજી બ્રિગેડિયર રુપિંદર સિંઘે આ રાષ્ટ્રિય કેમ્પની વિશેષ મુલાકાત લઈ કેડેટસ ને પ્રેરણાત્મક ઉદ્બોધન કર્યું હતું. તેજસ્વી કેડેટ ઉસ્તાદમાંથી સ્વઆવડતથી મહત્તમ જ્ઞાન મેળવે છે તેમ જણાવ્યું હતું.૨ ફેબ્રુઆરીના કેમ્પના સમાપનનાં અવસરે સાંસ્કૃતિક કાર્યક્રમમાં જામનગર ગ્રૂપ હેડ ક્વાર્ટરનાં ગ્રુપ કમાન્ડર કર્નલ એચ કે સિંધ, ૩૬ ગુજરાત બટાલિયન એનસીસી ભૂજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકર, એડમ ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ સદીપ ખવાસની ઉપસ્થિતિ રહી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગ્રુપ કમાન્ડર કર્નલ એચ કે સિંઘે વિવિધ સ્પર્ધાના વિજેતા કેડેટ્સને પારિતોષિકોથી નવાજ્યા હતા. કમાન્ડિંગ ઓફિસરના માર્ગદર્શન હેઠળ એએનઓ તથા પીઆઇ સ્ટાફની જહેમતથી કેમ્પનું સુચારું સંચાલન કરવામાં આવ્યું હતું. એચજેડી ઈન્સ્ટિટયૂટનાં ચેરમેન ડો. જગદીશ હાલાઈ તથા મેનેજમેંટ ટીમનો પ્રશંસનીય સહકાર રહ્યો હતો.

# બામણબોરમાં યુવાનને આપઘાતની ફરજ પાડનાર પત્ની અને સાસુ સામે ગુનો નોંધાયો

## જુગારી પત્ની અને સાસુ છુટાછેડા માટે રૂા.૫ લાખ માગી પોલીસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપતા યુવાને પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે બામણબોરમાં નવાપરામાં જુગારી પત્ની અને સાસુના ત્રાસથી કંટાળી પતિએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. છુટાછેડા માટે પણ રૂા.૫ લાખની માંગણી કરી પોલીસમાં કરાવી દેવાની ધમકી આપતા જીવન ટૂંકાવી લીધુ હતું. આ અંગે પોલીસે આપઘાતની ફરજ પાડ્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ બામણબોરમાં નવાપરામાં રહેતા સંજય લક્ષ્મણભાઇ બાવળીયા (ઉવ.૩૦)નામના યુવાને ગઈ કાલે સાંજે પોતાના ઘરે છતના હૂકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેને બેભાન હાલતમાં સિવિલ ખસેડાયો હતો જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ જાહેર કરતા પરિવાર ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક તપાસમાં મૃતક સંજય બે ભાઈ એક બહેનમાં નાનો અને રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં મજૂરી કામ કરતો હતો. તેના લગ્ન હજુ એક વર્ષ પહેલા જ કોઠારીયા સોલવન્ટમાં રહેતી દિનેશભાઈ પંચાળાની પુત્રી પાવી સાથે થયા તા.૨૨ના લગ્નની પહેલી વર્ષગાંઠ પહેલા જ તેને આ પગલુ ભરી લીધું હતું.આ અંગે શ્રમીકના ભાઈ વિજય લક્ષ્મણભાઈ બાવળીયાની ફરિયાદ પરથી કુવાડવા પોલીસે મૃતકની પત્ની પલ્લવી અને સાસુ મધુબેન દિનેશભાઇ પંચાળા વિરૂદ્ધ આપઘાતની ફરજ પાડવાનો ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેનો ભાઈ સંજય કહેતો કે પત્ની પલ્લવી અને મધુબેનને જુગાર રમવાની ટેવ છે,

હુ જે કમાવ છુ તે પૈસા પત્ની સાસુના કહેવાથી લઈ લે છે. અને ખોટા ખર્ચાઓ તથા જુગારમાં પૈસા ઉડાડી દે છે તથા પૈસા ન આપુ તો ધમકીએ પાડી ઝઘડા કરે છે. તેઓ કહેતા કે પતુ મરી જા, તારા મરવાથી અમોને કંઇ ફરક પડતો નથી, પૈસા તો આપવા જ પડશે. અઠવાડિયા પહેલા પલ્લવી અને તેની માતા મધુબેને ઘરે આવી સંજય સાથે પૈસા આપવા બાબેત ઝઘડો કર્યો હતો. ત્યાર બાદ સંજય પલ્લવીને તેડવા માટે ફોન કરતા પલ્લવી અને તેની માતાએ અમારે છૂટાછેડા લઈ લેવા છે, તમારે પાંચ લાખ આપવા પડશે. નહીંતર બધાને પોલીસમાંફીટ કરાવી તેવી ધમકી આપતા સંજયે પત્ની અને સાસુના ત્રાસથી કંટાળી આ પગલુ ભરી લીધુ હતુ. આ અંગે એરપોર્ટ પોલીસ મથકના પીએસઆઈ એ.કે.ગોસ્વામીએ પત્ની અને સાસુ વિરૂદ્ધ આપઘાતની ફરજ પાડવાનો ગુનો નોંધી તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે

# એટીએમમાં ગ્રાહકોને છેતરી નાણાં ઉપાડી લેતી બેલડીને દબોચી લેતી ભક્તિનગર પોલીસ

## અલગ અલગ બેંકના ૧૯ એટીએમ, બે મોબાઈલ અને રૂા.૪૦ હજાર સહિતનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટમાં એ.ટી.એમ. કાર્ડ બદલી પીન મેળવી એ.ટી.એમ. માંથી રકમ ઉપાડી છેતરપીંડી કરતા બે શખ્સોને પોલીસે ઝડપી લીધા છે. રાજકોટ શહેર ખાતેથી મીલ્કત સબંધીત ગુન્હાઓ ડીટેક્ટ કરવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સુચનાના પગલે ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ બે કે તેથી વધુ ચોરીના ગુન્હામાં પકડાયેલ આરોપીઓ ચેક કરવાની કામગીરીમાં તેમજ તાજેતરમાં અલગ અલગ જુલ્લામાં એ.ટી.એમ. કાર્ડ બદલી એ.ટી.એમ. ખાતેથી રુપીયા ઉપાડી લઇ છેતરપીંડીના બનાવ બનતા હોય જે અંતર્ગત અગાઉ ભક્તિનગર પો.સ્ટે ખાતે આવી છેતરપીંડીમાં પકડાયેલ આરોપી ઉપર ટેક્નીકલ સોર્સથી સતત વોચમાં રહેલ હોય તેમજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે પણ આવી રીતે એ.ટી.એમ. બદલાવી રૂપીયા ઉપાડી લીધેલનો બનાવ બનેલ હોય અને ગુન્હો દાખલ થયેલ હોય જેથી આગાઉ પકડાયેલ અવનીશકુ મારસિંહ શિવબાલકસિંહ સિંઘ અને રાકેશ સુખદેવ સાહ (રહે. બિહાર)ને ટેકનીકલ સોર્સના આધારે શોધી પકડી પોલીસ સ્ટેશન લાવી ચેક કરતા આરોપી પાસેથી અલગ અલગ બેન્કના ૧૯ એ.ટી.એમ કાર્ડ, બે મોબાઇલ અને રૂ.૪૦ હજારની રોકડ મળી આવેલ જે રોકડ રુપીયા બાબતે જેઓની યુકિત પ્રયુકિતપુર્વક પુછપરછ કરતા આરોપીઓએ રાજકોટ, ગોડલ, મોરબી, ગાંધીધામ, ભુજ ખાતે એ.ટી.એમ રૂમ ખાતે રકમ ઉપાડવા આવતા લોકો પાસેથી રકમ ઉપાડવા મદદ કરવાનું કહી એ.ટી.એમ. કાર્ડ બદલી લઈ પીન મેળવી બાદ વ્યકિતને રકમ ઉપડતી નથી તેમ જણાવી બાદ એ.ટી.એમ. કાર્ડમાંથી રકમ ઉપાડી લઇ છેતરપીંડી કરતા હોવાની તેમજ એ.ટી.એમ.માં રકમ જમા કરાવવા આવતા વ્યકિતની જાણ બહાર ટ્રાસજે કેશન કેન્સલ કરી એ.ટી.એમ.માં રકમમાંથી કાઢી લઈ છેતરપીંડી કરતા હોવાની કબુલાત આપેલ છે અને આરોપીની આપેલ કબુલાત બાબતે વેરીફાય કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરેલ છે.

# કાર્નિવલ પાર્ટી પ્લોટના પાર્કીંગમાં મહિલાના ગળામાંથી રૂા.૪.૨૩ લાખના હારની લૂંટ કરી સમડી ફરાર


**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત રાત્રે લગ્ન પ્રસંગમાંથી ઘરે જવા કાર સુધી ચાલીને જતા મહિલાનો એક શખસે પીછો કરી ગળામાં ઝોંટ મારી ૪.૨૩ લાખની કિમતનો સોનાનો હાર લૂંટી અંધારામાં નાસી જતા તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. લોધીકાના ચીભડા ગામે રહેતા અને ખેતીકામ કરતા હંસાબેન દિલીપભાઈ વસોયા ઉ.૩૯ ગઈકાલે મોટા સસરાના દીકરાની દીકરીઓના લગ્ન હોય કણકોટ રોડ ઉપર કાર્નિવલ પાર્ટી પ્લોટ ખાતે ગયા હતા રાત્રે સાડા અગ્યારેક વાગ્યે પ્રસંગ પૂર્ણ થતા કાર રોડ ઉપર પાર્ક કરી હોય હું તથા દેરાણી મનીષાબેન ચાલીને જતા હતા અને સાસુ ચંપાબેન પણ પાછળ ચાલીને આવતા હતા.

રોડ ક્રોસ કરતી હતી ત્યારે એક શખસ અચાનક ધસી આવ્યો હતો અને ગળામાં પહેરેલો સોનાનો ૪.૨૩ લાખનો ૭૦ ગ્રામનો હાર લૂંટી ભાગી ગયો હતો અમે પીછો કરતા વંડો હોય પાટિયા ટપીને અંધારામાં ગાયબ થઈ ગયો હતો જેથી ૧૦૦ નંબર ઉપર જાણ કરી હતી આ હાર એક માસ પૂર્વે જ લીધો હોવાનું જણાવતા પીએસઆઈ બી ડી ઠાકોરએ તપાસ હાથ ધરી છે.

# સ્વસ્તીક સોસાયટીમાં વહેલી સવારે શોર્ટ સર્કિટના કારણે ઘરમાં આગ લાગતા પરિવાર ફસાયો

## ફાયર બ્રિગેડની ટીમે રેસ્ક્યુ કરી પરિવારના પાંચ સભ્યોને બચાવ્યાઃ બે વાહન, ૧૫૦ કપડા સહિતનો માલ સામાન બળીને ખાખ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના આમ્રપાલી ફાટકથી એરપોર્ટ ફાટક તરફ જવાના ઓવર બ્રીજ ઉપરના રસ્તે ચુડાસમા પ્લોટ નજીક આવેલી સ્વસ્તિક સોસાયટીમાં એક મકાનમાં વહેલી સવારે પોણા છએક વાગ્યે એકાએક આગ ભભૂકતા ફાયર બ્રિગેડના જવાનોએ પહોંચી જઈ આગ કાબુમાં લીધી હતી. આગ બહાર ફળીયાના ભાગે લાગી હોઈ ઘરમાં પરિવારના પાંચ લોકો ફસાઇ ગયા હોઈ તમામને હેમખેમ બહાર કાઢી લેવાયા હતાં.

આ અંગેની માહિતી મુજબ સ્વસ્તિક સોસાયટીમાં રહેતાં અને ઘરે જ ધોબી કામ, લોન્ડ્રી કામ કરતાં અમીતભાઇ હસમુખભાઈ ભાવસાર (ઉ.વ.૪૨)ના ઘરમાં સવારે આગ ભભૂકતાં બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો બંબા અને બચાવ સામગ્રી સાથે પહોંચી હતી. આગ ઘરના ફળીયામાં લાગી હતી. ફળીયામાં રાખેલા બે ટુવ્હીલર જીજે ૦૩એનડી-૮૫૬૨ તથા જીજે૦૩જેએમ-૭૨૧૨ સળગી જતાં નુકસાની થઈ હતી. તેમજ ફળીયામાં ડ્રાયકલીનીંગ માટે આવેલા અલગ અલગ ગ્રાહકોના ૧૫૦ જેટલા કપડા રાખેલા હતાં તે પણ બળી ગયા હતાં.

ઘર અંદર અમિતભાઈ ભાવસાર તેમજ તેમના માતા મીનાબેન ભાવસાર (ઉ.૭૦), પત્નિ આશાબેન ભાવસાર (ઉ.૩૮), પુત્ર પ્રેમ ભાવસાર (ઉ.૨૨) અને પુત્રી હર્ષી ભાવસાર (ઉ.૧૭) ફસાયેલા હોઈ તમામને રેસ્ક્યુ કરી કબચાવી લેવાયા હતાં. અમીતભાઈના ભાઈના જણાવ્યા મુજબ શ્રીફેઇઝ વિજલાઈન લેવામાં આવી હોઈ કદાચ તેમાં શોર્ટ સરકિટ થઈ જતાં તેના કારણે આગ ભભુકી હતી. સદ્‌નસિબે ઘરના તમામ સભ્યો સહીસલામત રીતે બહાર આવી ગયા હતાં. બનાવને પગલે રહેવાસીઓના ટોળા એકઠા થઈ ગયા હતાં. ફાયર બ્રિગેડના અધિકારી જોબન, સ્ટાફના હરેશભાઈ, મેહુલભાઈ, રોહીતભાઈ, વિલેશભાઇ, શબ્બીરભાઈ સહિતે આગ બુઝાવવાની અને પરિવાજનોને બચાવવાની કામગીરી કરી હતી.

# સુરભી રેસીડેન્સીના વૃદ્ધે બિમારીથી કંટાળી આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ ઉપર આવેલા રણુજા મંદિર પાસે સુરભી રેસીડિન્સીમાં રહેતા બિલ્ડરને બેભાન હાલતમાં સારવારમાં ખસેડાતા મોત નીપજ્યું હતું. પોસ્ટ મોર્ટમમાં બિલ્ડરે એસિડ પી લેતા મોત નીપજ્યું હોવાનું ખુલતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.



આ અંગેની માહિતી મુજબ કોઠારીયા રોડ ઉપર આવેલા રણુજા મંદિર પાસે સુરભી રેસીડિન્સીમાં રહેતા કિરીટભાઈ હિંમતલાલ નામના ૬૩ વર્ષના વૃદ્ધ પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના દસેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક કિરીટભાઈ સેંજલીયા બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ અને બિલ્ડર હતા. કિરીટભાઈને સંતાનમાં એક પુત્ર છે કિરીટભાઈ સેંજલીયા બીમારીથી કંટાળી એસિડ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું ખુલ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# ધોરાજી તાલુકા પંચાયત કચેરીમાં મોટી મારડના મહિલા સરપંચે ઝેર પીધુ

## વિકાસના કાર્યોમાં અમુક લોકો અવરોધ ઉભો કરતા હોવાથી સરપંચે આ પગલુ ભર્યુઃ સારવારમાં જૂનાગઢ ખસેડાયા

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી તાલુકાના મોટીમારડ ગામ પંચાયતના મહીલા સરપંચે વિકાસકામોમાં અવરોધ ઉભા કરતા અમુક લોકોથી કંટાળી ધોરાજી તાલુકા પંચાયત કચેરીમાં ઝેરી દવા ગટગટાવી લેતાં સારવારમાં સરકારી હોસ્પિટલ ખાતે આવતાં ફરજ પરના તબીબે સારવાર આપી વધુ સારવાર માટે જૂનાગઢ રીફર કરી પોલીસને જાણ કરી હતી.



મોટીમારડ ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો વચ્ચે ઘણા સમયથી આંતરિક વિખવાદો ચાલી રહ્યા હતા અને આજે મોટીમારડ ગ્રામ પંચાયતનું બજેટ હતું એથી મોટીમારડના મહિલા સરપંચ શર્મિલાબેન જમનભાઈ ચાવડા ઓફિસિયલી કામકાજ સંદર્ભે ધોરાજી તાલુકા પંચાયત કચેરી ખાતે આવ્યા હતા જ્યાં તેમણે ઝેરી પ્રકારનું પ્રવાહી પી લીધું

હતું.ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે મહિલા સરપંચે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે પોતે ગામના વિકાસ કામો કરી રહ્યા હોય ત્યારે ગામના અમુક લોકો દ્વારા કામગીરીમાં અવરોધ ઊભો કરી રહ્યા છે અને મને સરપંચ પદેથી હટાવી દેવાની તજવીજ કરતા હોય જેથી મેં આત્મવિલોપન કરવા કોશિષ કરી છે.

ધોરાજી સરકારીહોસ્પિટલના તબીબોએ વધુ સારવાર અર્થે તેમને જુનાગઢ હોસ્પિટલમાં રીફર કર્યા હતા. ઉપરોક્ત સમગ્ર મામલે કોણ જવાબદાર છે અને કેવા સંજોગોમાં કેવા કારણોસર ઝેરી દવા પી આત્મવિલોપન કરવાનો પ્રયાસ મહિલા સરપંચે કર્યો એ પોલીસ તપાસ બાદ જાણવા રહેશે.

# રામનગરના શખ્સે સગીરાને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી દુષ્કર્મ આચર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરમાં ૧૫ વર્ષની સગીરાને ૨૦ વર્ષના શખ્સે લગ્નની લાલચ આપી રાત્રે મળવા બોલાવી અપહરણ કરી દ્વારકા તરફ લઈ જઈ અવાવરૂ સ્થળે ૩-૪ વખત દૂષ્કર્મ આચરી ઘર પાસે મુકી ભાગી ગયાની ફરીયાદ નોંધાતા પોલીસે આરોપીને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ભોગ બનનારના માતાએ કોઠારીયા રોડ રામનગરમાં રહેતાં સોમ ઉર્ફે બબુ દિપકભાઈ સોલંકી ઉ.૨૦ સામે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું એક દિકરી અને એક દિકરા સાથે રહુ છું મેં છુટાછેડા લીધા છે ગત તારીખ ૩ના શનીવારે રાત્રે અમે સુઈ ગયા હતાં રાત્રે મારી ઉંઘ ઉડી જતાં રૂમમાં ૧૫ વર્ષની દિકરી જોવા ન મળતાં આસપાસ તપાસ કરી સંબંધીને જાણ કરી હતી પરંતુ દીકરી મળી આવેલ નહી દરમિયાન બીજા દિવસે તારીખ ૪ના રવિવારે મારી દિકરી તેની મેળે ઘરે આવી જતા તેને પુછતાં તેણીએ કહ્યુ કે મને સોનુંએ મળવા બોલાવતાં હું ત્યાં ગઈ હતી તેણે લગ્ન કરવાનુ કહી ભાગી જવું છે તેવી વાત કરી રાજકોટથી દ્વારકા લઇ ગયો હતો કોઇ અવાવરૂ જગ્યાએ તેણે મારી સાથે મરજી વિરૂધ્ધ ત્રણથી ચાર વખત બળાત્કાર કર્યો હતો ત્યાર પછી મને પાછો ઘર પાસે ઉતારીને ભાગી ગયો હતો દિકરીની કબુલાત મુજબ ફરિયાદ નોંધાવતા પીઆઈ એલ. એલ. ચાવડા સહિતે ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો આરોપી અપરણિત હોવાનું અને છુટક મજૂરી કરતો હોવાનું જાણવા મળ્યું છે.

# આકાશદીપ સોસાયટીમાં પોલીસ ફરિયાદ કર્યાનો ખાર રાખી ઘરમાં ઘુસી ચાર શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દૂધ સાગર રોડ ઉપર હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર પાસે આવેલી આકાશદીપ સોસાયટીમાં રહેતા પરિવાર ઉપર પોલીસ ફરિયાદનો ખાર રાખી ચાર શખ્સોએ ઘરમાં ઘુસી હુમલો કર્યો હતો જેમાં યુવતીને ઇજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ દૂધસાગર રોડ ઉપર ગુજરાત હાઉસિંગ બોર્ડના કવાર્ટર પાસે આકાશદીપ સોસાયટીમાં રહેતી મહેંદીબેન મોહમદભાઈ જુ રાત્રિના બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતી ત્યારે હિરલ, રોહિત અને કાજલ સહિતના શખ્સોએ ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો હુમલામાં ઘવાયેલી યુવતીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો મહેંદીબેન જુણેજાની માતા નજમાબેન જુણેજાએ જણાવ્યું હતું કે હુમલાખોર શખ્સો દિવાળીના પર્વમાં ફટાકડા ફોડતા હતા તે દરમિયાન તેમના ઘરમાં સળગતો ફટાકડો નાખ્યો હતો જે અંગે બોલાચાલી થતા હુમલાખોર શખ્સોએ ઝઘડો કર્યો હતો જે અંગ નજમાબેને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જે પોલીસ ફરિયાદનો ખાર રાખી હુમલાખોર શખ્સો અવાર નવાર ધમકી આપતા હતા. અને ગઈ કાલે રાત્રે ઘરમાં ઘુસી પરિવાર ઉપર હુમલો કર્યો હતો જેમાં મહેંદીબેન જુણેજા અને તેની માતા નજમાબેનને ઈજા પહોંચી હોવાનું જણાવ્યું હતું આ બનાવ અંગે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લુંટ કરી ધાડ પાડવાના ગુનામાં પકડાયેલા આરોપીઓને જામીન પર મુકત કરતી સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલકાથ પોલીસ સ્ટેશનનો ફરીયાદ આ કામના ફરીયાદી અજયકુમાર બી. તીવારીએ આરોપી (૧) ભાભલુ ઉર્ફે રમેશભાઈ ભુપતભાઈ સોલંકી/સારોલીયા, જગદીશભાઈ બાબુભાઈ પરમાર વગેરે વિરૂધ્ધ એવી ફરીયાદ આપેલ કે આ કામના ફરીયાદી આ કેમ્પે અજાણ્યા પાંચ પુરૂષો તથા બે સ્ત્રીઓ આવી ફરીયાદી તથા સાહેદને ઢીકા પાટુનો માર મારી છરી બતાવી જાનથી મમી નાખવાની ધમકીઓ આપી ફરીયાદી તથા સાહેદ પુલ્લુ ઉપર બે આરોપીએ છરી રાખી ઉપર ઉભા રહી જઈ કેમ્પમાં રાખેલ કોપર વાયરના આઠેક બંડલ આશરે કિ. રૂા.૫-લાખની લુંટ કરી લઈ જઈ એકબીજાની મદદગારી કરી પોતાની પાસે છરી જેવા હથીયાર ધારણ કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યો ફરીયાદ નોંધાવેલી. જે કામમાં તપાસનીશ અધીકારીએ ઉપરોકત આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કરેલા, જેલ હવાલે રહેલા આરોપીઓએ પોતાને જામીન ઉપર મુકત કરવા નામ.સેશન્સ કોર્ટમાં જામીન અરજી ગુજારતા, કેસની હકીકત અને બચાવ પક્ષના વકીલોની રજુઆતને ધ્યાને લઈને નામ.સેશન્સ કોર્ટના જજ એ.ડી.સુથાર આરોપીઓને શરતી જામીન ઉપર છોડવાનો હુકમ કરેલો.



આ કામમાં અરજદાર/આરોપીના બચાવ પક્ષે રાજકોટના યુવાન ધારાશાસ્ત્રી ચીમનભાઈ ડી.સાંકળીયા, અતુલભાઈ એમ.બોરીચા, પ્રકાશભાઈ એ.કેશુર, ભરતભાઈ ડી.બોરડીયા, વકાતર શૈલેષભાઈ, યુવરાજસિંહ ચાવડા, પુનમબેન સોંદરવા, સોનલબેન બારોટ, મુકેશભાઈ જાની, વકીલ આસીસ્ટન્ટ તરીકે લલીતભાઈ સી.બારોટ, નિકુંજ સી.સાંકળીયા, ઉદય પી.ચાંવ,તુષાર એમ. સોલંકી વગેરે રોકાયેલ હતા.

# જૂનાગઢમાં છેતરપીંડીના ગુનામાં સુરતના યુવાનને ઢોર મારમારી હત્યા કરનાર પીએસઆઈ અંતે ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢમાં છેતરપીંડી કેસના એક આરોપીને રિમાન્ડ દરમિયાન ધોકાથી માર મારીને પગના લીગાયમેન્ટ ફાડી નાખતા આરોપીનું સારવાર દરમિયાન મોત થયાના કેસમાં તપાસનીશ પીએસઆઈ સામે હત્યાની કોશિષ અને હત્યાનો ગુન્હો નોધાયો હતો, કેસમાં ફરાર પીએસઆઈ એમ.કે.મકવાણાને ૧૪ દિવસે પોલીસે સુરતમાં ટુર પૅકેજનો બિઝનેશ કરતા હર્ષિલ લખમણભાઈ જાદવ સામે જૂનાગઢ બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીનો ગુન્હો દાખલ થયો હતો, જે કેસમાં તપાસનીશ પીએસઆઈ મુકેશ મકવાણાએ હર્ષલની તા.૯ જાન્યુઆરીએ અમદાવાદથી અટકાયત કરીને બીજા દિવસે કોર્ટમાં રજુ કરતા તેને રિમાન્ડ પર સોપવામાં આવ્યો હતો, જે કેસમાં આરોપીને માર ના મારવા અને કેસને સરળ કરવાના બદલામાં પીએસઆઈએ હર્ષિલના ભાઈ બ્રિજેશ પાસેથી ત્રણ લાખની લાંચ માંગી હતી.



પરંતુ આવડી મોટી રકમ આપવા પરિવાર સક્ષમ ના હોય જેથી પૈસા આપવાની ના પાડી દીધી હતી. જેના પરિણામે બીજા દિવસે પીએસઆઈએ રિમાન્ડ દરમિયાન હર્ષિલને ધોકા વડે એટલી હદે માર માર્યો કે, તેના પગના લીગાયમેન્ટ ફાટી ગયા હતા, અને તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડયો હતો, જે મામલે કોર્ટના આદેશ પછી પોલીસે પીએસઆઈ મકવાણા સામે બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૦૭, ૩૧૧ અન્વયે ગુન્હો દાખલ કરતાની સાથે જ તે ફરાર થયો હતો. તેને પકડવા પોલીસે ટીમો દોડાવી પરંતુ તે હાથમાં આવ્યો ના હતો. પીએસઆઈને સસ્પેન્ડ પણ કરવામાં આવેલ, ત્યારે તે અરસામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા હર્ષિલનું સારવાર દરમિયાન મોત થતા આ કેસમાં પોલીસે પીએસઆઈ સામે હત્યાની કલમનો ઉમેરો કર્યો હતો, અને આરોપી પીએસઆઈ મકવાણાને પકડવા માટે ચક્રો ગતિમાન કરતા આજે ૧૪ દિવસે આરોપી સસ્પેન્ડેડ પીએસઆઈ મુકેશ મકવાણાને પોલીસે ઝડપી લીધો છે, આજે તેનું સિવિલ હોસ્પિટલમાં મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું, અને આવતીકાલે તેને કોર્ટમાં રજુ કરાશે.

# એજી ચોકમાં યુવતીનો પીંછો કરવા બાબતે મારામારીઃસામસામે નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર મોટામોવા ગામ પાસે રહેતો અને એજી ચોક પાસે પ્રેમ મંદિર સામે નારિયલનું વેંચાણ કરતો દિપક મધુભાઈ પરમારએ ગાંધીગ્રામ-૨(યુનિ.)પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે નારિયેલના થડા પર હતો ત્યારે બે છોકરીઓ ત્યાં ઉભી હોય ત્યારે સાગર રમેશ લાંબા અને તેનો ભાઈ લાલો બંને ત્યાં બાઈક લઈને ઉભા હોય ત્યારે યુવાને બાઈક સાઈડમાં રાખવાનું કહેતા બંને શખ્સોએ બોલાચાલી કરી છરી વડે હૂમલો કરી યુવાનને માર માર્યો હતો.

જ્યારે સામા પક્ષે ગોંડલ રોડ પર ખોડિયાર હોટલ પાસે અક્ષરાતીર્થ બિલ્ડીંગના ત્રીજા માળે રહેતો સાગર રમેશ લાંબાએ સામે વળતી ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તે બંને ભાઈઓ એજીચોકમાં હતા ત્યારે દિપક પરમાર અને કાના અરવિંદે તેની સાથે ઝગડો કરી મારમારતા ઈજા થઈ હોવાની ફરિયાદ નોંધાવતા એએસઆઈ એચ.વી.રવીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર શ્યામ પાર્ટી પ્લોટના પાર્કીંગમાં કારના કાચ તોડી રૂા.૧.૧૬ લાખની મતાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કણકોટ પાસે આવેલા શ્યામ પાર્ટી પ્લોટમાં પાર્ક કરેલી કારનો કાચ તોડી અજાણ્યો શખ્સ રોકડ તથા દાગીના સાથેનું રૂ.૧.૧૬ લાખની મતાની ભરેલું પર્સ ચોરી જતા ફરિયાદ થઇ છે.

આ અંગેની માહિતી મુજબ શાપર વેરાવળ મેઈન રોડ ગ્રામ પંચાયતની રહેતા પ્રશાંતભાઈ મુકેશભાઈ કોરાટ (ઉ.વ.૨૭) એ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રશાંતભાઈએ જણાવ્યું છે કે પોતે શાપર વેરાવળમાં ઘનશયામ એન્જીનિયરીંગ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ગત તા. ૨૬-૧ના રોજ પોતાના કૌટુંબીક મોટાભાઈની દિકરીના લગ્ન કણકોટ મવડી રોડ પર આવેલ શ્યામ પાર્ટી પ્લોટમાં હોઈ જેથી પોતે તથા પત્ની માતા વર્ષાબેન અને પિતા મુકેશભાઈ ત્રણેય પોતાની જીજે ૩ કેપી ૯૪૩૫ નંબરની કાર લઈને શ્યામ પાર્ટી પ્લોટમાં લગ્નમાં ગયા હતા અને પોતે કાર પાર્ટી પ્લોટના પાર્કિંગમાં પાર્ક કરી હતી બાદ લગ્ન પુર્ણ કરી ચારેય ઘરે જવા માટે પાર્ટી પ્લોટમાંથી નીકળ્યા બાદ પોતે કાર લેવા જતા કારની ડાબી સાઈડનો પાછળનો તુટેલો જોતા પોતે તુરત જ તપાસ કરતા કારની પાછળની શીટ નીચે મુકેલ પત્નીનું સફેદ કલરનું પર્સ જોવા મળ્યું ન હતુ. પર્સમાંથી રૂા.૧૨૦૦૦ની રોકડ તથા રૂા. ૬૦,૦૦૦ ની કિંમતનું સોનાનુ કડુ અને રૂા.૪૪૦૦૦ ની કિંમતની સોનાની માળા હતી. બાદમાં પોતે આજુબાજુ તપાસ કરતા પર્સ મળી ન આવતા કોઈ અજાણ્યો શખ્સ કારનો તોડી રોકડ તથા દાગીના મળી રૂા.૧,૧૬,૦૦૦ માલમતા ભરેલું પર્સ ચોરી ગયાની ખબર પડી હતી. આ અંગે પોતે તાલુકા પોલીસમાં જાણ કરતા પોલીસે તેની ફરિયાદ દાખલ કરી હેડ કોન્સ. એ.બી. ભુંડીયાએ તપાસ હાથ ધરી છે.